**સુવિચાર**

કોઈપણ કાર્યનું નિર્માણ કરો એ અવશ્ય પુરૂ થશે. મહત્વનાં નિર્ણય ન લેવાથી માણસ પાછળ રહી જાય છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૯/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૩૯



ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services

એપોઈન્ટમેન્ટ માટે 9978223000
❖હૃદયરોગ - બીપી
❖શ્વાસ દમ ન્યુમોનિયા
❖પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
❖ડાયાબીટીસ - કીડની
❖લીવરની તકલીફ વગેરે

ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન



વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## જિલ્લાનાં મુખ્ય મથકમાં ગમે તે સમયે વીજળી રાણીનાં રૂસણા

# અમરેલીમાં અવિરત વીજળી વિતરણ કરવામાં પીજીવીસીએલ નિષ્ફળ

**વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે મોડેલ રાજયનાં જિલ્લા મથકમાં વીજળી વિતરણમાં દે ધનાધન**

**સત્તાધારી પક્ષનાં આગેવાનો દિવસ-રાત વિકાસની વાતો કર્યા કરે અને વાસ્તવિકતા બિહામણી**

**રાજકીય આગેવાનોને જનતાની સમસ્યાથી દૂર દૂર સુધી કોઈ સબંધ ન હોવાથી પરેશાની વધે છે**

**પદાધિકારીઓ વહીવટીતંત્ર પાસેથી નિયમ મુજબ ઝડપથી કામ કરાવી શકવામાં નિષ્ફળ**

અમરેલી, તા. ૨૩
અમરેલીનાં શહેરીજનોની ધીરજશિકત અને સહનશીલતા હદ બહારનીહોવાનોભરપુરલાભ પાલિકા, ટ્રાફિક, ફૂડ, ડ્રગ્ઝ, તોલમાપ સહિતનાં સરકારીવિભાગોલઈરહાહોયઅનેહવે તેમાંપીજીવીસીએલનોપણવધારોથયો છે. શહેરીજનોને અવિરત વીજળી આપવામાં પીજીવીસીએલ સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. મોંઘીદાટ વીજળી ખરીદતાં ગ્રાહકોને નિયમિત વીજળી મળતી નથી.

અમરેલી શહેરમાં છેલ્લા ૨ મહિનાથીઅનિયમિતવીજળીમળીરહી છે. શહેરનાંહાર્દસમાડો.જીવરાજમહેતા

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ અધિક્ષકની સુચનાથી એલસીબીનો સપાટો

# રાજુલામાં ખુનના ગુન્હામાં ૧૭ વર્ષથી નાસતા ફરતા ઈનામી આરોપીની અટકાયત

**ઝડપાયેલ આરોપી મનુભાઈ સોલંકી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓને અંજામ આપી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે ઘણા લાંબા સમયથી નાસતા ફરતા અને ગંભીર ગુનાઓમાંસંડોવાયેલટોપ-૧૦ નાસતાફરતાઆરોપીઓનીયાદીતૈયાર કરવામાં આવેલ હોય, અને આવા આરોપીને પકડી પાડવા આરોપી દીઠ રૂપિયા ૧૦,૦૦૦ ની જાહેરાત કરેલ



હતી. અને આ આરોપીઓને પકડી પાડવાજેઅન્વયેઅમરેલીએલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે રાજુલા પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૨૩/૨૦૦૭,ઈ.પી.કો. કલમ-૩૦૨ વિ.મુજબનાં ગુનામાં છેલ્લા ૧૭વર્ષથી નાસતાફરતાઅનેરૂપિયા ૧૦,૦૦૦ના ઈનામી આરોપી મનુભાઈ ઉર્ફે મનો વેલજીભાઈ ઉર્ફે વેલાભાઈ સોલંકી, (રહે. ધુડીયા આગરીયા, તા.રાજુલાને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં લોંગડી ગામેથી પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ રાજુલા પોલીસસ્ટેશનમાંસોંપીઆપેલછે.






### સાવરકુંડલાનાં થોરડી ગામે શનિવારે રાત્રિની ઘટના

# ગૌશાળામાં રહેલ ગૌમાતાની રક્ષા કાજે ''રંગા'' નામનાં શ્વાને ખુંખાર સિંહ સામે બાથ ભીડી

**શ્વાને જીવનાં જોખમે ગૌમાતાની સુરક્ષાનો કર્યો પ્રયાસ**







અમરેલી, તા. ૨૩

ગૌશાળામાંપ્રવેશ કરવા માટે થઈ સિંહોએ પ્રયાસ કરતાં ગૌશાળામાં ગાયની રક્ષા કરતાં ।ને સિંહો સામે બાથ ભીડી પોતાના જીવસટોસટના જંગમાં પોતાનો જીવ આપીને પણ સાવજોને ભગાડી ગયાની રક્ષા કરીહતી.

વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે આવેલ ગૌશાળામાં ગત શનિવારે મોડી રાત્રીના સમયે બે સિંહો ગાયના શિકાર માટે ઘુસી આવ્યા હતાં. પરંતુ ગૌશાળાની ગાયો પર સિંહો હુમલો કરે અને ગાયનો શિકાર કરે તે પહેલા અહી ગાયની રક્ષા કરવા ચોકીદારી કરતાં આ સિંહોનો સામનો આ ।ન સાથે થતાં અને ।ને સિંહો સામે બાથ ભીડી હતી.

આ વખતે સિંહો ગેઈટની બાજુમાં આવેલી ફેન્સીંગ તોડી વાડીમાં ઘુસી ગયા હતા. જેથી ।ન સાથે સીધો જ આમનો સામનો થઈ ગયો હતો. ।ને સિંહોને ગૌશાળામાં પ્રવેશવા અટકાવવા ખુબ પ્રતિકાર કર્યો પરંતુ સાવજોએ રંગા નામના ।નને શિકાર બનાવી નાખ્યો હતો. જો કે સિંહ અને ।નની લડાઈના અવાજ થતા જ આજુ બાજુના વિસ્તારમાંથી લોકો દોડી આવ્યા હતા અને સાવજોને ભગાડી મુકયા હતા.

આ ।નની બહાદુરીની આ કંઈ પ્રથમ ઘટના નથી હજુ એકાદ મહિના પહેલા જ અહીથોરડી ગામની ગૌશાળાના ગેઈટ પર સિંહો આવી ચડયા હતા. ત્યારે આ જ ।ને ગૌશાળાના ગેઈટની અંદરથી સિંહોનો સામનો કરી સિંહોને ત્યાંથી તગડી મુકયા હતા.

આ વિસ્તારમાં સાવજોનો કાયમી વસવાટ છે અને સિંહોના આંટાફેરા એ કોઈ હવે નવી વાત રહી નથી. આ વખતે સિંહો ગેઈટની બાજુમાં આવેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### ઘનશ્યામભાઈ માંગરોળીયા પાસેથી

# ખાંભાનાં ઈંગોરાળા ગામેથી દારૂની ૧૮ બોટલ ઝડપાઈ

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૨૩, ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા ઘનશ્યામભાઈ ઉર્ફે લાલભાઈ રણછોડભાઈ માંગરોળીયાએ તા. ૨૨ સાંજે ૪:૧૫ કલાકે ઈંગોરાળા ગામે વગર પાસ-પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂ ૭૫૦ એમ.એલ. ની કંપની રીંગ પેક કાચની બોટલો નંગ-૧૮ કિંમત રૂા. ૮૨૮૦ના પ્રોહી મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


શ્રદ્ધાંજલિ



જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે.
કેટલું નહિં કેવું જીવ્યા એ
જ યાદ રહી જાય છે.
આપનો દેહ તો વિલિન થયો છે,
પરંતુ આત્મા કદી વિલય
થતો નથી.
અમારા હૃદયમાંથી
આપની સ્મૃતિ કદી
વિસરશે નહીં...
ઈશ્વર આપનાં
આત્માને પરમ શાંતિ અર્પે એવી
અમારા સૌની પ્રાર્થના...

સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા
તા.૧૮-૦૯-૨૦૨૪, બુધવાર
ભાદરવા સુદ પુનમ (ઉ.વ.૮૮)

લી
રજતભાઈ મહેતા (ખોડુભાઈ)
શિવમ કન્સ્ટ્રકશન - અમરેલી
ધ્રુવનભાઈ મહેતા



નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અધતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324



LG BEST SHOP




LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

## ''બેટી બચાવો, બેટી વધાવો''નાં સુત્ર સાથે કડક કામગીરીનો અભાવ હોવાથી

# રાજયમાં માસુમ દિકરીઓ પર અત્યાચારની ઘટનામાં વધારો : કોંગ્રેસ

**દાહોદ પંથકમાં માસુમ દિકરીની હત્યાને લઈને વિપક્ષી પ્રવકતાનાં ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો**

**માસુમ દિકરીઓ ઉપર અત્યાચાર કરનારા નરાધમોને કડકમાં કડક સજા કરવાની માંગ**

**શાળાનાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગત માટે શર્મસાર કરે તેવી ઘટના**

**પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપનાં નેતા સામે પણ કર્યા ગંભીર આક્ષેપ**

અમદાવાદ, તા. ૨૩

સમગ્ર શિક્ષણ જગતને શર્મશાર કરતી અને કાળજુ કંપાવનારી દાહોદ ખાતે માસુમ દિકરીની હત્યા તથા રાજયમાં શૈક્ષણિક કેમ્પસમાં દિકરી પરના અત્યાચાર અંગે ભાજપ સરકાર કયારે સઘન પગલા ભરશે? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજયમાં વધતા જતા માસુમ દિકરીઓ પરના દુષ્કર્મ અને જાતીય સતામણીના વધતા કિસ્સા વાલીઓ માટે પણ ચિંતાનો વિષય છે. શાળા અને કોલેજોમાં વાલીઓ પોતાની દિકરીઓને અભ્યાસ કરવા મોકલે છે ત્યારે તેની સાથે જયારે આવી કાળજુ કંપાવનારી ઘટનાઓ બને ત્યારે શૈક્ષણિક સંકુલોમાં દિકરીઓની સલામતિ માટે ગંભિર પગલા ભરવાનો સમય પાકી ગયો છે. દાહોદ અને અન્ય શૈક્ષણિક સંસ્થામાં છેલ્લા ૭૨ કલાકમાં બનેલી ઘટનાઓ અંગે સંડોવાયેલા નરાધમો સામે કડકમાં કડક પગલાં ભરવા જોઈએ અને સમગ્ર કેસ ફાસ્ટ–ટ્રેક માં ચલાવવામાં આવે જેથી દાખલારૂપ સજા થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે. દાહોદની શાળામાં આચાર્ય દ્વારા આચરેલું કૃત્ય શિક્ષણજગતને શર્મસાર કરે તેવી ઘટના છે. દાહોદની સાથે બોટાદ, અમદાવાદ, રાજકોટ માં શિક્ષણ સંસ્થાનમાં જાતીય સતામણીની ફરિયાદ ઉઠી છે ત્યારે કોની ઉપર ભરોસો મૂકવો તે સવાલ થાય છે. ગુજરાત રાજય માં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી માત્ર કાગળ ઉપર છે. આ પ્રકારના બનાવોમાં શિક્ષણ વિભાગ લીપાપોતી કરવાને બદલે સંગીન પગલાં ભરે તેવી માંગ છે કર્મયોગી જેવી અનેક તાલીમોમાં લાખો રૂપિયા ખર્ચી નાખવામાં આવે છે ત્યારે કઈ પ્રકારની તાલીમ આ કૃત્ય આચરનાર નરાધમ શિક્ષકો મેળવી રહ્યા છે?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ સરકાર ઉપર સવાલ ઉપાડતા જણાવ્યું હતુ જયાં સરકાર બેટી પઢાઓની વાત કરે છે ત્યાં ગુજરાત ના વાલીઓ અને જનતાને બેટી બચાવોની વાત કરવાની ફરજ પડી છે. દાહોદ જિલ્લાના સિંઘવડમાં ૬ વર્ષની દીકરીની જે રીતે કરપીણ હત્યા થઈ છે તે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખે તેમ છે. દીકરીને હત્યા કરનાર તેની શાળાના આચાર્ય હતા. નરાધમ આચાર્ય ગોવિંદ નટ્ટ રાજકીય વ્યકિત છે. ગોવિંદ નટ્ટના કેટલાક ફોટો સામે આવ્યા છે તે ચોંકાવનારા છે.



ગોવિંદ નટ્ટના સંઘના ગણવેશમાં શિબિરમાં ભાગ લેતા ફોટો જોવા મળ્યા છે અને વિ હિન્દુ પરિષદની શિબિરમાં ભાગ લેતા જોવા મળે છે નરાધમ. ગુજરાતના પૂર્વમંત્રી અર્જુનસિંહ ચૌહાણ જોડે આ વ્યકિત સાથેની બેઠકનો ફોટો છે. શું સંઘ અને વીએચપી આ પ્રકારના લોકો માટે કોઈ વિરોધ દર્શાવશે? શું ભાજપના બનાવટી લોકો, દાહોદની દીકરી માટે કેન્ડલ માર્ચ કાઢસે ખરા ? પાટણના બળાત્કારની ઘટનામાં ભાજપ યુવા મોરચાનો પદાધિકારી પકડાય, રાજકોટના આટકોટમાં વિદ્યાર્થિની જોડે બનેલ દુષ્કર્મમાં ભાજપના પદાધિકારીનું નામ આવે. આ ઘટનાઓ દર્શાવે છે કે ભાજપનો ખેસ પેહરો એટલે ગુનો કરવાનો પરવાનો મળે તેવું લાગે છે. જે દાહોદના વિકૃત આચાર્ય ગોવિંદ નટ્ટ જોડે જે પૂર્વ મંત્રીનો ફોટો છે તેનાં ઉપર દુષ્કર્મની ફરિયાદ ભૂતકાળમાં થયેલ છે. ગુજરાત રાજયમાં દીકરીઓ ભાજપના કુશાશનમાં સુરક્ષિત નથી તે આ કિસ્સાઓ થી સ્પષ્ટ થાય છે. રાજય માં બનેલ ઘટનાઓએ શિક્ષણજગતને શરમસાર કરી છે અને વાલીઓને ચિંતામાં મૂકી દીધા છે કે ભરોસો મૂકવો કોની ઉપર ? નરાધમ આચાર્યના નામે ત્રણથી વધુ ફેસબુક એકાઉન્ટ દેખાય છે. તે એકાઉન્ટમાંથી ૨૦૧૫–૧૬ પછીના ઘણાંના કોઈપણ ફોટા દેખાતા નથી. શું કેટલાક ભાજપ આગેવાનોના ફોટા હશે ? જેને ડીલીટ કરવામાં આવ્યાં છે તેવો સંદેહ છે. રાજકીય વગ ધરાવનાર નરાધામ આચાર્યને બચાવવાનો કોઈપણ હિન પ્રયાસ થાય તેવી ચિંતા છે.

---

**સ્વ. લતાબેન, સ્વ. નંદલાલભાઈ પોપટની પ્રેરણાથી**

## બાબરામાં નવરાત્રિ દરમિયાન બાળાઓને લ્હાણી વિતરણ કરાશે

**ખાદી ભંડાર મિત્ર મંડળ દ્વારા નવરાત્રિનું આયોજન**

બાબરા, તા. ૨૩

બાબરામાં સ્વર્ગસ્થ નંદનલાલ વાલજીભાઈ પોપટ તેમજ સ્વર્ગસ્થ લતાબેન નંદલાલભાઈ પોપટ ની દિવ્ય પ્રેરણાથી ખાદી ભંડાર મિત્ર મંડળ દ્વારા નવરાત્રીમાં છેલ્લા ત્રણ વર્ષથી બાબરા શહેર અને અમરાંપરા વિસ્તારમાં યોજાતી પ્રાચીન શેરી ગરબીઓની બાળાઓ ને લ્હાણી (ઈનામ ) વિતરણ કરવામાં આવી રહ્યું છે જેમાં ૫૦૦ થી વધુ બાળાઓ લાભ મેળવે છે ત્યારે દર વરસ ની જેમ આ વર્ષે પણ નવરાત્રીમાં લ્હાણી વિતરણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે અને તેના માટે રજિસ્ટ્રેશન પણ શરૂ કરવામાં આવ્યું છે મોટી સંખ્યામાં શેરી ગરબીઓનાં આયોજકો દ્વારા ફોર્મ મેળવી રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

ખાદીભંડાર મિત્ર મંડળ દ્વારા આગામી તા ૬/૧૦/૨૪ ને રવિવારે ના રોજ ઉમિયા નગર વિવેકાનંદ સ્કૂલ પાસે વ્રજભૂમિ નિવાસસ્થાને સમગ્ર કાર્યક્રમ સવારે ૧૦/૩૦ થી બપોર ના ૨/૩૦ કલાક સુધી યોજાશે જેમાં બાળાઓ નું પૂજન અર્ચન મહાપ્રસાદ અને લ્હાણી વિતરણ કરવામાં આવશે. તેમજ આ તકે બાબરા શહેર ના સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઊપસ્થિત રહેછે.

તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ પાવન ઉપસ્થિતીમાં બાળાઓ ને લ્હાણી વિતરણ અને પૂજન અર્ચન કરવામાંઆવશે. બાબરા શહેર અને અમરાંપરા વિસ્તારમાં પ્રાચીન શેરી ગરબીઓનું આયોજન કરતા શેરી ગરબીઓનાં આયોજકો દ્વારા વહેલી તકે ખાદી ભંડાર ખાતે ગરબીનું રજિસ્ટ્રેશન કરાવી લેવા ખાદી મિત્ર મંડળ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

---

**''સ્વચ્છતા હી સેવા અભિયાન સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા''**

## સાવરકુંડલામાં સાયકલ રેલી, સ્વચ્છતા શપથ સહિતના કાર્યક્રમો યોજાયા

**શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન સફાઇ અભિયાન**

અમરેલી, તા. ૨૩

સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ અન્વયે સ્વચ્છતા હી સેવા અન્વયે સાવરકુંડલા શહેરી વિસ્તારમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સાયકલ રેલી, સ્વચ્છતા શપથ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર, પદાધિકારીઓ, મહાનુભાવો, નાગરિકો, સફાઈ કર્મીઓ સહિતના જોડાયા હતા.

સાવરકુંડલા શહેરના રેલવે સ્ટેશન, મુખ્ય બજાર, સર્કલ, વાલ્મિકી વાસ, મારૂતિ નગર, પેટ્રોલ પંપ સામેનો વિસ્તાર, અમરેલી, સાવરકુંડલા હાઈવે વિસ્તાર, મણિભાઈ ચોક સહિતના વિસ્તારોમાં સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

---

**સાંસદ અને ધારાસભ્યને થયેલ રજૂઆત બાદ કોઈ કાર્યવાહી ન થતાં**

## બાબરાનાં તાઈવદરનો માર્ગ બિસ્માર બનતાં ગામજનો અને વાહનચાલકોએ રામધૂન બોલાવી

**ગામનાં દર્દીઓ, વાહનચાલકો, પશુપાલકો સહિત સૌ કોઈ પરેશાન**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરાના તાઈવદર ગામે સરકારની આંખ ઉઘાડવા માટે મોટી સંખ્યામાં ગામ લોકો ધોમધખતા તાપમાં રામધૂન બોલાવી વિરોધ કર્યા હતો અને ગામનાં લોકોએ પોતાનાં ગામનો રસ્તો તંત્ર દ્વારા જલ્દી બનાવવામાં આવે તેવી માંગ પણ કરી હતી.

ખંભાળા રોડથી તાઈવદર જતાં રોડ પર ઠેર ઠેર મસમોટા મોટા ખાડાથી અહીંથી પસાર થતા વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયાં છે અને આ રસ્તો રિપેરિંગ કરવાની માંગ કરી રહ્યા છે. છેલ્લા ઘણાં માહિનાઓથી સ્થાનિક સાંસદ અને ધારાસભ્યને પણ રજુઆત કરવામાં આવી છે છતાં ગ્રામીણ રસ્તાઓ નથી બન્યા. રોડ પર વાહન ચલાવવું મૂશ્કેલ બન્યુંછે. રોડ પર કપચીને લીધે વાહનોમાં પંચર પડે છે તો અનેક વાહનો સ્લીપ પણ થયાંછે અને નાની મોટી ઈજાઓ પણ પહોંચી છે. પ્રસૂતા મહિલા અને દર્દીઓ માટે બિસ્માર રસ્તાથી ભારે પરેશાની થઈ રહી છે.

આ ગામનાં ભાણકુભાઈ બસીયાએ જણાવ્યું હતું કે જયારે અમારે ગામમાં કોઈ બીમાર પડે ત્યારે આ રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બને છે.

સવાભાઈ ભરવાડે જણાવ્યું કે અમારે રોજ સવાર–સાંજ દૂધ લઈને બાબરા જવાનું હોય આ ખરાબ રસ્તાના કારણે અમારા વાહનોના ટાયરોમાં પંચર પડી જાય છે અને અમારે ખૂબ હેરાન થવું પડે છે. ત્યારે તંત્ર દ્વારા કયારે આ નવો રસ્તો બનશે અથવા રસ્તાને રીપેરીંગ કરશે એવી રાહ જોઈને ગામ બેઠું છે.

---

**તળાજા નજીક વેપારીની ગળાટુંપો આપીને હત્યા કરાયા બાદ**

## બાબરાનાં ધરાઈ ગામ નજીક ભાવનગરનાં હીરાનાં વેપારીની લાશ સળગાવવાનો પ્રયાસ

**સ્થાનિક યુવાનોએ પોલીસને જાણ કરતાં ૩ આરોપી ઝડપાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૨૩

બાબરાનાં ધરાઈ ગામ નજીક હત્યા કરાયેલ મૃતદેહને સળગાવવાનો પ્રયાસ કરનાર શખ્સોને સ્થાનિક પોલીસે ઝડપી લઈને સમગ્ર ઘટનાનો પર્દાફાશ કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ભાવનગરના હાદાનગરમાં સર્વોદય સોસાયટીમાં રહેતા ધીરૂભાઈ ઉકાભાઈ રાઠોડની નારી સરકારી દવાખાના પાસે રહેતા કિશન ઉર્ફે કાનો ઘનશ્યામ ચુડાસમા, બોરતળાવ પાસે રહેતો રાહુલ રમેશ પરમાર તથા એક સગીર આરોપીએ હત્યા કરી નાખી હતી. આ ત્રણેય શખ્યો પણ હિરાની લેવેચનું કામ કરે છે. અને એવું કહેવાય મૃતક વેપારી પાસેથી તેમને ૧૦ લાખથી વધુ રકમ લેવાની હતી. ગઈ બપોરે સાડા ત્રણ વાગ્યે ત્રણેય શખ્યો સાથે કારમાં બેસી મૃતક ધીરૂભાઈ દિનેશભાઈ નામના વેપારી પાસેથી ૧૮ કેરેટ હિરા લઈ તળાજા ખાતે વેચવા માટે ગયા હતાં. તળાજામાં હિરાનો આ સોદો પાર પડે તે પહેલા ત્રણેય શખ્યોએ કારમાં જ તેમને ટુવાલ વડે ગળફાંસો દઈ હત્યા કરી નાખી હતી. અને તેમની પાસે રહેલા ૫.૨૦ લાખના હિરા તથા ૭૦ હજારની રોકડ રકમ લઈ લીધી હતી. બાદમાં લાશનો અન્ય જીલ્લામાં નીકાલ કરવાના ઉદેશથી સોનગઢ ઢસા થઈ ચાવંડ આવ્યાં હતાં.

અહિં હાઈવે નજીક ધાર પાસે લાશ સળગાવવા પ્રયાસ કર્યો હતો. જો કે વાહનોની સતત અવરજવર હોય લાશ ફરી કારમાં નાખી બાબરા થઈ ધરાઈની સીમમાં પહોચ્યા હતાં. અને દેવળીયા રોડે અવાવરૂ જગ્યાએ લાશ ઉતારી તેના પર ડિઝલ છાંટી સળગાવી દીધી હતી. જો કે ગામમાં સતત ચોરીના બનાવ બનતા હોય ધરાઈમાં યુવાનોના ગૃપ રાત્રી ફેરણુ કરતા હતાં. તેમણે આ અજાણી કાર અંગે પોલીસને જાણ કરતા સ્થાનિક પોલીસ મારતે ઘોડે અહી પહોંચી હતી અને ત્રણેય શખ્યો નાસી જાય તે પહેલા ઝડપી લીધા હતા. કાર, હિરા અને રોકડ રકમ પણ કબજે લેવાઈ હતી. લાશને પીએમ માટે ભાવનગર મેડિકલ કોલેજમાં ખસેડાઈ હતી. હત્યાનો બનાવ ભાવનગર જીલ્લાનો હોય બાબરા પોલીસ ત્રણેય હત્યારા અને મુદામાલ ત્યાંની પોલીસને સોંપ્યા હતાં.

---

**એડવોકેટ કિશોર પાઠકની દલીલો સફળ રહી**

## લીલીયામોટા : સહકારી શરાફી મંડળીમાં લોનની રકમ જમા ન કરાવનાર ૪ આરોપી જેલ હવાલે

**સહકારી શરાફી મંડળીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો**

લીલીયા, તા. ૨૩

લીલીયામાં આવેલ ક્રિષ્ના ક્રેડિટ કો.ઓ. સોસાયટી તથા શુભલક્ષ્મી શરાફી સહકારી મંડળીમાંથી લોન લઈ હપ્તા નહિ ભરતા વાઘણીયા ગામના રહિશ શૈલેષગીરી મનુગરી ગૌસ્વામી તથા શિતલબેન શૈલેષગીરી ગૌસ્વામી તથા કૈલાસગીરી કનુગરી ગૌસ્વામી તથા લીલીયાના રહીશ ગોપલાભાઈ ભનુભાઈ ડાબસરાએ આપેલ ચેક રીટર્ન થતા લીલીયા અદાલતે ચારેય આરોપીને ૧૮ માસની સજા તથા ચેકની રકમ ચુકવવા હુકમ



કરેલ તે હુકમથી નારાજ થઈ ચારેય આરોપીઓએ એડીશનલ સેશન્સ અદાલતમાં અપીલ કરેલ. અને અપીલના કામે મંડળીની ચુકવવાની થતી ચેકના વળતરની રકમ મંડળમાં જમા નહિં કરાવતા આ ચારેય આરોપીને જેલમાં મોકલી આપેલ છે. અને ૧૪ દિવસ દરમ્યાન જો મંડળીમાં ધિરાણની રકમ જમા નહિં કરાવેતો બે વર્ષની સજા ભોગવવા અદાલતે જણાવેલ છે આમ આરોપીઓ જેલમાં જતાં ધિરાણ લઈ નહિં ભરતા કરજદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આ કામે અપીલમાં મંડળીના વકીલ તરીકે કિશોરભાઈ પાઠક એડવોકેટની દલીલો ગ્રાહય રાખવામાં આવી હતી. અને આરોપીઓને જેલ હવાલે કરવામાં આવેલ છે.

---

**રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ**

## તમાકુ મુક્તિનો સંકલ્પ 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦'નું લોન્ચિંગ

**ડી.ડી.ઓ. પરિમલ પંડયા જનજાગૃત્તિ રેલીનું પ્રસ્થાન કરાવશે**

અમરેલી તા.૨૩

રાજયમાં વર્ષ ૨૦૦૭ ૨૦૦૮થી રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અમલી છે. અમરેલી જિલ્લા પંચાયત ભવનથી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૮ વાગ્યે તમાકુ મુકિતના સંકલ્પ સાથે જનજાગૃત્તિ રેલીને પ્રસ્થાન કરાવશે. આ તકે 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦'નું લોન્ચિંગ કરવામાં આવશે. તમાકુથી થતાં નુકશાન અને મહામારી અટકાવવાના ઉદેશ સાથે યોજાનાર આ રેલીમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવા માટે નોડલ ઓફિસર ટોબેકો કંટ્રોલ અને અમરેલી તાલુકા વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## અમરેલીનાં દિગ્ગજ સહકારી નેતા દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં

# ગુજરાતની સહકારી સંસ્થા ‘‘ગુજકોમાસોલ’’ પ્રગતિનાં પંથે

**ગુજકોમાસોલે વર્ષ ૨૦૨૩–૨૪માં રૂપિયા ૪૩૫૭ કરોડનું ટર્નઓવર કરીને ૨૦.૪૨ કરોડનો નેટ નફો કર્યો**

**ગુજકોમાસોલનાં બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારા ૨૦ ટકા ડિવિડન્ડની પણ ભલામણ કરવામાં આવી**

**વર્ષ દરમિયાન ગુજકોમાસોલનાં ફંડમાં રૂપિયા ૧૩.૪૭ કરોડનો વધારો થયો**

**ચેરમેને વાર્ષિક બેઠકમાં ગુજકોમાસોલની સિધ્ધિ અને સફળતાની વિગતો જણાવી**










અમદાવાદ, તા. ૨૩

અમરેલી જિલ્લા બેન્કનાં ચેરમેન અને રાજયની સર્વોચ્ચ પૈકીની એક "ગુજકોમાસોલ" સહકારી સંસ્થાનાં ચેરમેન દિલીપ સંઘાણીએ "ગુજકોમાસોલ"ની વાર્ષિક બેઠકમાં સંસ્થાની સિધ્ધિ અને સફળતાનું વર્ણન કર્યુ હતું.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજકોમાસોલે ચાલુ વર્ષ (૨૦૨૩–૨૪)માં રૂા. ૪૩૫૭ કરોડનું ટર્નઓવર કરેલ છે અને ગત સાલ જે રૂા. ૬૯.૩૪ કરોડનો નફો હતો તેની સામે ચાલુ સાલે રૂા. ૭૭.૬૦ કરોડનો એટલે કે ગત સાલ કરતાં રૂા. ૮.૨૬ કરોડનો વધુ ગ્રોસ નફો કરેલ છે તેમજ તમામ જોગવાઈઓ અને ખર્ચા બાદ કરી રૂા. ૨૦.૪૨ કરોડનો નેટ નફો કરેલ છે.

અગાઉ વર્ષોની જેમ જ ચાલુ સાલે પણ ગુજકોમાસોલના બોર્ડ દ્વારા ૨૦% ડિવિડન્ડની ભલામણ કરવામાં આવી છે. વર્ષ દરમિયાન ગુજકોમાસોલના ફંડમાં રૂા. ૧૩.૪૭ કરોડનો વધારો થતાં રીઝર્વ તથા અન્ય ફંડો વધીને રૂા. ૧૩૫.૦૪ કરોડ થયા છે તથા કાયમી મિલ્કતોમાં રૂા. ૧૨.૧૪ કરોડ જેટલો વધારો થવા પામેલ છે. જયારે વર્ષના અંતે કુલ ઈન્વેસ્ટમેન્ટ રૂા. ૨૯.૫૨ કરોડ હતું તે વધીને રૂા. ૩૦.૭૨ થયું છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજકોમાસોલ દ્વારા ગત સાલ ૧૮૩૫ કરોડ રૂપિયાના ૧૬.૧૪ લાખ મે. ટન ખાતરની સામે ચાલુ સાલે ૨૦૦૫ કરોડ રૂપિયાના ૧૬.૯૧ લાખ મે. ટન ખાતરનું વેચાણ થયું છે. જેમાં ઈફકો દ્વારા ૬.૩૪ મે. ટન જયારે કૃભકો દ્વારા ૪.૫૭ લાખ મે.ટન ખાતર પુરા પાડવામાં આવેલ છે.

બિયારણ વિભાગનું ટર્નઓવર પણ સતત વધતું રહ્યું છે. ૧૫–૨૦ કરોડથી લઈને ચાલુ સાલે રૂા. ૧૦૪ કરોડ સુધી પહોંચ્યું છે. અને રાજયના ૯૪૦૭ ખેડૂતોને બીજ વિતરણની સહાયનો લાભ પણ મળ્યો છે.

ટેકાના ભાવની ખરીદીઓ અંતર્ગત ગુજકોમાસોલે ચાલુ સાલે ચણા, મગફળી, તુવેર તથા રાયડાની કુલ ૩,૫૩,૮૬૦ મે. ટનની કુલ રૂા. ૧૯૬૯ કરોડની ખરીદી સરકાર દ્વારા નિયત જુદા જુદા ખરીદ કેન્દ્રો ખાતેથી પૂરી પારદર્શકતા સાથે પૂરી કરેલ છે.

સંસ્થાની જરૂરિયાત અને અન્ય પ્રાથમિકતાઓને ધ્યાને લઈ સંસ્થાના જુદા જુદા એસ્ટેટોને માતબર રકમનો ખર્ચ કરીને રીનોવેટ કરવામાં આવ્યા છે. જેમાંથી કાયમી આવકના સ્ત્રોત પણ ઉભા થયા છે.

વધુમાં જણાવેલ છે કે, ખાતર, દવા, બિયારણની કામગીરીને વધુને વધુ મજબૂત સાથે સાથે વૈવિધ્યકરણ અને મૂલ્યવર્ધનની દિશામાં સારી કામગીરી થઈ શકે અને ‘સહકારથી સમૃધ્ધિ’નું સૂત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થઈ શકે તે માટે ડાયવર્ઝીફીકેશન અને વેલ્યુએડીશન નામનો નવો વિભાગ છેલ્લા ચાર વર્ષમાં સારી કામગીરી બજાવી રહ્યો છે. પ્રથમ વર્ષે થયેલ રૂા. ૨.૧૯ કરોડના ટર્નઓવરથી લઈને ચાલુ સાલે રૂા. ૨૦.૯૫ કરોડનું ટર્નઓવર તે વિભાગમાં થયેલ છે. જેમાં મુખ્યત્વે ઓર્ગેનિક ચીજવસ્તુઓની સાથે સાથે સરકારની કેટલીક યોજનાઓમાં કામગીરીઓ કરવામાં આવેલ છે.

નવી સહકાર નીતિ અનુસાર સંસ્થાઓને કોમ્પ્યુટરાઈઝ કરવાનું આહવાન થયું છે, ત્યારે ગુજકોમાસોલના તમામ યુનિટો અને તમામ ડેપોને કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યા છે.

વધુમાં જણાવેલ છે કે, રાજયમાં જુદી જુદી જગ્યાએ ગુજકોમાસોલના કુલ ૧૫૭ ગોડાઉનો આવેલા છે, જેની સ્ટોરેજ ક્ષમતા ૨.૧૦ લાખ મે.ટન થવા જાય છે. તમામ ગોડાઉનોનો ફેડરેશન દ્વારા મહત્તમ વપરાશ કરવામાં આવે છે. અને જરૂરિયાત ન હોય તેવા ગોડાઉનો ભાડે આપી ભાડાની આવક પણ ઉભી કરવામાં આવે છે. માર્કેટની પરિસ્થિતિઓને આધિન તેમાં વધારો – ઘટાડો થતો હોય છે. ચાલુ સાલે રૂા. ૩.૬૩ કરોડ જેટલી ગોડાઉન ભાડાની આવક ફેડરેશનને મળેલ છે.

વધુમાં જણાવેલ છે ‘‘GUJCO’’ એટલે કે ‘‘ગુજરાત કો–ઓપરેટીવ’’ની નવીન બ્રાન્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ગુજકોમાસોલ એ રાજયની ટોચનું માર્કેટીંગ ફેડરેશન હોઈ, આ નવીન બ્રાન્ડથી નાની–મોટી તમામ સરકારી સંસ્થાઓની આર્થિક સમૃધ્ધિ સુનિશ્ચિત કરવાની દિશામાં પણ કામગીરી કરશે, જેથી ‘‘સહકાર થી સમૃધ્ધિ’’નો નારો ફકત નારો ના રહે પરંતુ તે દિશામાં પ્રતિબધ્ધતાથી પરિણામલક્ષી કામગીરી થાય તેના માટે જે – તે જીલ્લામાં જે – તે મુખ્ય પાકો થાય છે. તેના વેલ્યુએડીશનની દિશામાં કામગીરી કરવા માટેના આયોજન કરી લેવામાં આવ્યા છે. તેમાં સૌપ્રથમ સંસ્થાના મહેસાણા યુનિટ ખાતે એગ્રી લોજીસ્ટીક પાર્કનું ખાતમુહૂર્ત કરી અને પ્રોજેકટ ઉભો કરવાની કામગીરી પૂરઝડપે ચાલુ કરી દેવામાં આવી છે. પૂરા ગુજરાતમાં ફળ અને શાકભાજી ઉગાડતા ખેડૂતોને ખાસ કરીને ઓર્ગેનિક અને AI ડ્રોનનો ઉપયોગ કરી અત્યાધુનિક ખેતી કરાવીને તેમનો પેદા થતો માલ ગુજકોમાસોલ દ્વારા કોન્ટ્રાકટ ફાર્મિંગથી ખેતી કરતાં પહેલાં જ નકકી કરેલા ભાવોથી ખરીદ કરીને તેને મહેસાણા ખાતેના એગ્રી લોજીસ્ટીક પાર્કમાં પ્રોસેસીંગ, પેકીંગ, ફ્રીઝીંગ અને ‘‘ગુજકો’’ના નામે બ્રાન્ડીંગ કરી દેશ અને વિદેશમાં તેનું માર્કેટીંગ કરવાનું આયોજન છે. તેના માટેની ખેડુત મીટીંગો અનુ આનુસાંગિક તમામ કામગીરીઓ કરવામાં આવી રહી છે. તેમ અંમાં જણાવેલ છે.

## રાજુલામાં નવપોથી ભાગવત્ જ્ઞાનયજ્ઞ કથાનો પ્રારંભ



રાજુલા, તા. ૨૩

રાજુલા ના કેસરી નંદન હનુમાનજી મહારાજ ના મંદિરે થી સાધુ સંતો ને બગી મા બેસાડી પોથી યાત્રા નીકળીહતીઆ નવ પોથી ભાગવત જ્ઞાન યજ્ઞ કથા નુ વાંચન વ્યાસ પીઠ ઉપર થી સદ્દગુરૂ દેવ શ્રી રણછોડ દાસ બાપાના શિષ્ય શ્રી મહા મંડલેશ્વર ૧૦૦૮ પરમ પૂજય હરિચરણ દાસ બાપુ ના પ્રિય પાત્ર શિષ્ય શ્રી જયરામ દાસ મહારાજ શ્રી પોતાની સુમધુર વાણી મા પોતાની આગવી શૈલીમા કરાવશે.

આ કથા મા સુમધુર ગીત સંગીત સાથે સ્લોક ના પઠન કાશી થી પધારેલ ખાસ બ્રાહ્મણો કરાશે આ પોથી યાત્રા બેન્ડ બાજા ઢોલ નગારા શરણાઈ ના સુર તાલ સાથે ભાઈઓ અને બહેનો એ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી અને નાચતા નાચતા વાજતગાજતે લોહાણા મહાજન વાડીએ પહોચી હતી આ પોથી યાત્રામા નવ પોથીના યજમાનો અને રામપરા વૃંદાવન બાગ ના નીમ અખાડા ના અધ્યક્ષ રાજેન્દ્ર પ્રસાદ બાપુ જુનાગઢ થી નીજ સ્વરૂપા નંદ સ્વામી અમરેલી થી કિસન દાસ બાપુ વાંકુ ની ધારથી કરૂણા નિધાન બાપુ કેસરી નંદન હનુમાનજી મહારાજ મંદિર ના સનાતન દાસ બાપુ સહિત ના સાધુ સંતો ઊપસ્થિત રહ્યા હતા.

આ પોથી યાત્રામા રાજુલા જાફરાબાદ ખાંભા તાલુકાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને અન્ય રાજકિય આગેવાનો ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને વેપારીઓ ઊપસ્થિત રહ્યા હતા આ નવ પોથી ભાગવત જ્ઞાન યજ્ઞ કથા આજરોજ તારીખ ૨૩/૯/૨૪ ને સોમવાર થી પ્રારંભ થઈ અને તારીખ ૨૯/૯/૨૪ ને રવિવારે પૂર્ણાહુતિ થશે આ નવ પોથી ભાગવત કથા જ્ઞાન યજ્ઞ મા રાજુલા શહેરની ધર્મ પ્રેમી જનતા ને પધારવા ભાવભર્યુ નિમંત્રણ આ કથા ના નવ આયોજકો તરફથી આપવામા આવે છે તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેક્સ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### દરિયાઈ સુરક્ષા માટે ક્વોડ સમીટમાં અનેક પગલાં

# અમે નિયમો-આધારિત વૈશ્વિક વ્યવસ્થાને સમર્થન આપીએ છીએઃ પીએમ મોદી

## અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને સમર્થન આપીએ છીએ તથા સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરીએ છીએ

ન્યૂયોર્ક, તા.૨૩

અમેરિકામાં યોજાયેલી ક્વાડ દેશોની વાર્ષિક સમીટમાં ચીનને ધ્યાનમાં રાખીને ઈન્ડો પેસિફિક રિજન માટે દરિયાઈ સુરક્ષા સહયોગને વિસ્તૃત કરવાના શ્રેણીબદ્ધ મોટા પગલાંની જાહેરાત કરી હતી તથા યુક્રેનમાં કાયમી શાંતિની હાકલ કરાઈ હતી. ચીનનું નામ લીધા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્વોડ સંગઠન નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થા માટે છે તથા તે રાષ્ટ્રોના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરે છે. સમીટમાં અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડન, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બેનિસે હાજરી આપી હતી. જો બાઈડેન દ્વારા તેમના વતન રાજ્ય ડેલાવેર ખાતે યોજાયેલી સમિટમાં નેતાઓએ ચીનનું સીધું નામ લીધા વગર પૂર્વ અને દક્ષિણ ચીન સમુદ્રની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી તથા કોસ્ટ ગાર્ડ તથા દરિયાઈ લશ્કરી જહાજોના ખતરનાક ઉપયોગની નિંદા કરી હતી. ઈન્ડો-પેસિફિક રિજનમાં ચીનની વધતી જતી દાદાગીરી અંગે વધતી જતી વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ક્વાડ નેતાઓએ બળજબરીથી યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરતી કોઈપણ એકપક્ષીય કાર્યવાહીનો સખત વિરોધ કર્યો હતો.

મુક્ત, ખુલ્લા, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકને ક્વોડની સહિયારી પ્રાથમિકતા ગણાવીને પોતાના સંબંધોનમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ તણાવ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે ત્યારે આપણી બેઠક યોજાઈ રહી છે. આવી સ્થિતિમાં માનવતાના કલ્યાણ માટે આપણા સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના રક્ષણ માટે એકજૂથ થવું ક્વાડ માટે મહત્ત્વપૂર્ણ છે. અમે કોઈની વિરુદ્ધ નથી. અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને સમર્થન આપીએ છીએ તથા સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરીએ છીએ અને તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ નિરાકરણનું સમર્થન કરીએ છીએ. ક્વાડ સમીટમાં દરિયાઈ સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને જટિલ અને ઉભરતી ટેકનોલોજી, માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત જેવા ક્ષેત્રોમાં સંખ્યાબંધ નવી અને મહત્વાકાંક્ષી પહેલોની જાહેરાત કરાઈ હતી. આ સમીટનો સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય ક્વોડ-એટ-સી શિપ ઓબ્ઝર્વર મિશન છે. આ પ્રોગ્રામ હેઠળ દરિયાઈ સુરક્ષા માટે યુએસ કોસ્ટ ગાર્ડ, જાપાન કોસ્ટ ગાર્ડ, ઓસ્ટ્રેલિયન બોર્ડર ફોર્સ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ૨૦૨૫માં પ્રથમ સંયુક્ત કોસ્ટ ગાર્ડ મિશન હાથ થશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ PUSHPનો મંત્ર આપ્યો

# હવે તો 'નમસ્તે' પણ મલ્ટિનેશનલ બની ગયુંઃ પ્રધાનમંત્રી મોદી

## અમેરિકામાં ભારતીય સમુદાયને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગદગદિતઃ તેમને 'રાષ્ટ્રદૂત' તરીકે સંબોધ્યા

ન્યૂયોર્ક, તા.૨૩

હવે વિશ્વમાં અમેરિકન ઈન્ડિયન સ્પિરિટ છે અને આ જ દુનિયાની એઆઈ તાકાત છે. આ જ તાકાત બન્ને દેશોના સંબંધોને નવી ઊંચાઈ આપી રહી છે તેમ ભારતીય સમુદાયના લોકોને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે. હવે તો 'નમસ્તે' પણ મલ્ટિનેશનલ બની ગયું છે. તે લોકલથી ગ્લોબલ થઈ ગયું છે. આ તમામ હાંસલ કરવા પાછળ તમે (વિદેશમાં રહેતા ભારતીયો)એ કર્યું છે. પોતાના દિલમાં ભારતને વસાવીને રાખતાં ભારતીયોએ આ કર્યું છે. હું કાયમ તમારા સામર્થ્યને સમજતો રહ્યો છું. તમે અમારા માટે કાયમ ભારતના સૌથી મજબૂત બ્રાંડ એમ્બેસડર રહ્યા છો. આથી હું તમને રાષ્ટ્રદૂત કહું છું.વડાપ્રધાન મોદીએ ઉમેર્યું કે અમે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ ત્યાં તમામને પરિવાર માનીને તેમની સાથે હળીમળી જઈએ છીએ. ડાયવર્સિટીને સમજીને તેને જીવવું અને પોતાના જીવનમાં ઉતારી લેવું...તે અમારા સંસ્કારોમાં છે. કોઈ તમિલ બોલે છે.. કોઈ ગુજરાતી, કોઈ મલયાલમ, કોઈ પંજાબી, કોઈ મરાઠી...ભાષા અનેક છે, પરંતુ તમામના ભાવ એક જ છે અને તે છે ભારતીયતા. અમે એ દેશના રહેવાસીઓ છીએ જ્યાં સૈંકડો ભાષા અને બોલી છે. દુનિયાના પંથ છે. છતાં અમે એક બનીને, નેક બનીને આગળ વધી રહ્યા છીએ. દુનિયા સાથે જોડાઈ જવા માટે આ અમારી સૌથી મોટી તાકાત છે. આ જ મૂલ્યો આપણને સહેજતાથી વિશ્વબંધુ બનાવે છે.પીએમ મોદીએ PUSHP (પુષ્પ)નો મંત્ર આપ્યો હતો. તેમણે કહ્યું કે પી મતલબ પ્રોગ્રેસિવ ભારત, યુ મતલબ અનસ્ટોપેબલ ભારત, એસ મતલબ સ્પ્રિચ્યુઅલ ભારત, એચ મતલબ હ્યુમેનિટી ફર્સ્ટને સમર્પિત ભારત, પી મતલબ પ્રોસ્પેરસ (સમૃદ્ધ) ભારત. આ પુષ્પની પાંચ પંખુડી એક થઈને જ વિકસિત ભારત બનાવશે. તેમણે કહ્યું કે પ્રથમ દિવસથી જ મારું મન અને મિશન સ્પષ્ટ રહ્યું છે. હું સ્વરાજ માટે જીવન આપી શક્યો નથી. પરંતુ નક્કી કર્યું છે કે સુરાજ અને સમૃદ્ધ ભારત માટે જીવન સમર્પિત કરીશ. ભારત હવે તકોની ધરતી છે. હવે તે તકોની રાહ નથી જોતું, તકોનું નિર્માણ કરે છે. આજે ભારતનું ૫જી માર્કેટ અમેરિકાથી વધુ છે. હવે ભારત પાછળ નથી ચાલતું, નવી વ્યવસ્થા બનાવે છે અને નેતૃત્વ કરે છે. ભારત હવે રૂકવાનું નથી કે થમવાનું નથી.

### રાહુલ ગાંધીએ સોમવારે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં ચૂંટણી રેલી કરી હતી

# PM મોદી હવે પહેલા જેવા નથી, વિપક્ષ જે ઈચ્છે તે કરાવી લે છે'; રાહુલ ગાંધી

## લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું, 'અમે આ નફરતથી નહીં પરંતુ પ્રેમથી કર્યું છે. અમે પ્રેમ દ્વારા નફરતને હરાવી છે

જમ્મુ કાશ્મીર,તા.૨૩

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોમવારે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં ચૂંટણી રેલી કરી હતી. આ દરમિયાન તેણે PM મોદી પર સીધો પ્રહાર કરતા કહ્યું કે હવે તેઓ બદલાઈ ગયા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આજે નરેન્દ્ર મોદી પહેલા જેવા નથી રહ્યા. અમે તેમને માનસિક રીતે નષ્ટ કરી દીધા છે. હવે તે નરેન્દ્ર મોદી નથી રહ્યા જેમને તમે પહેલા જોતા હતા. રાહુલ ગાંધીએ કહ્યું, 'પહેલા નરેન્દ્ર મોદી હતા, જેમની ૫૬ ઈંચની છાતી હતી. તમે દૂરથી તેમનો ચહેરો જુઓ છો, હું સંસદમાં સામે જ રહું છું. સ્પષ્ટ દેખાઈ આવે છે કે પહેલા જે નરેન્દ્ર મોદી હતા તે આજે નથી. આજે, વિપક્ષ જે પણ કરવા માંગે છે, અમે તે પૂર્ણ કરીએ છીએ. જો તેઓ કોઈ કાયદો લાવે છે તો અમે તેમની સામે ઊભા છીએ અને પછી તેઓ નવો કાયદો લાવે છે.

રાહુલે કહ્યું કે ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હું બાયોલોજિકલ નથી. મારું સીધું જોડાણ ઉપર છે. હું ભગવાન સાથે સીધી વાત કરું છું. પરંતુ હવે ઈન્ડિયા એલાયન્સે તેમનું જોડાણ માનસિક રીતે તોડી નાખ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું, 'અમે આ નફરતથી નહીં પરંતુ પ્રેમથી કર્યું છે. અમે પ્રેમ દ્વારા નફરતને હરાવી છે. તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશને રાજ્ય બનાવવામાં આવ્યું. ઘણી વખત રાજ્યોનું વિભાજન થયું અને એકમાંથી બે રાજ્યોની રચના થઈ. પરંતુ આ પહેલીવાર બન્યું જ્યારે કોઈ રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું. તમારી પાસેથી જે અધિકારો છીનવાઈ ગયા છે. ભારતના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે. એક રાજ્યને કહેવામાં આવ્યું કે તમે હવે રાજ્ય નહીં પણ કેન્દ્રશાસિત પ્રદેશ બની જશો.નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં બેરોજગારી ફેલાવી છે. આ ૨ થી ૩ લોકો માટે જ કામ કરે છે. તેમણે દેશના ૨૫ અબજપતિઓની ૧૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી દીધી છે. આ લોકોએ નાના વેપારીઓને બરબાદ કરી દીધા છે. પરિણામ એ આવ્યું કે ભારતમાં ક્યાંય રોજગાર નથી અને જમ્મુ-કાશ્મીરમાં પણ એવી જ સ્થિતિ છે.

આજે તમારી સરકાર માત્ર અહીંથી જ નથી ચાલતી પરંતુ દિલ્હીથી ઓર્ડર આવે છે. અમે ઈચ્છીએ છીએ કે ચૂંટણી પહેલા તમને રાજ્યનો દરજ્જો મળે. અમે ઈચ્છીએ છીએ કે ચૂંટણી થાય કે તરત જ આવું થાય. આ લોકો વિતરણનું કામ પણ કરે છે. તેઓ ભાષા વિરુદ્ધ ભાષા, રાજ્ય વિરુદ્ધ અન્ય રાજ્ય અને ધર્મ અને જાતિના આધારે સંઘર્ષ સર્જે છે. અહીં પણ તેમણે પહાડી અને ગુર્જર ભાઈઓને લડાવવાનો પ્રયાસ કર્યો. તેમનો આ પ્રોજેક્ટ નિષ્ફળ જશે.

### શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ મંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવ્યા

# અયોધ્યા મંદિર સંપૂર્ણ બનશે ત્યારે પૂજા કરીશઃ શંકરાચાર્ય

## આ ધર્મસભામાં બંધારણીય જોગવાઈઓને લાગુ કરવા અને ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન કર્યું હતું

અયોધ્યા, તા.૨૩

અયોધ્યામાં રામમંદિરને 'અર્ધ-અપૂર્ણ' ગણાવીને આ વર્ષ જાન્યુઆરીમાં પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહનો વિરોધ કરનાર ઉતરાખંડના જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ રવિવારે રામમંદિરમાં પૂજા-અર્ચના કરવાથી દૂર રહેવાનું હાલના તબક્કે ઉચિત માન્યું છે. અયોધ્યા પહોંચેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને પત્રકારો દ્વારા રામમંદિરમાં ન જવા પર પ્રશ્ન પૂછવામાં આવ્યો, તો તમણે કહ્યું કે, અર્ધ-અપૂર્ણ નિર્માણવાળા મંદિરમાં પૂજા-અર્ચના કરી શકાય નહીં. હું રામમંદિરમાં ત્યારે પૂજા-અર્ચના કરીશ, જ્યારે મંદિરનું શિખર સંપૂર્ણ રીતે બની જશે. આ દરમિયાન શંકરાચાર્યએ ચિનેશ્વરનાથ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. અયોધ્યામાં રામકોટ વિસ્તારમાં રામ જન્મભૂમિ પરસિરની પરિક્રમા કરી હતી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને અયોધ્યાથી દેશવ્યાપી 'ગૌ ધ્વજ સ્થાપના ભારત યાત્રા'ની શરુઆત કરી છે. અયોધ્યામાં સંતોની ઉપસ્થિતિ શંકરાચાર્યે અહીંયા ધર્મસભા બોલાવી હતી.આ ધર્મસભામાં બંધારણીય જોગવાઈઓને લાગુ કરવા અને ગાયની અપ્રતિબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદો બનાવવા આહ્વાન કર્યું હતું. ધર્મસભાને સંબોધિત કરીને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ એમ પણ કહ્યું કે, આપણા દેશમાં ગાયને ગૌમાતા તરીકે પૂજા કરવામાં આવે છે. પરંતુ એ દુર્ભાગ્યપૂર્ણ છે કે ગાયની પૂજા કરનાર એ જ દેશ વિશ્વમાં ગાયના માંસના નિકાસ કરવામાં બીજા ક્રમનો મોટો દેશ છે. આ સાથે તેમણે જણાવ્યું કે, અમે સરકારને વિનંતી કરીએ છીએ કે એ ધર્મ અને ગાયના સન્માનમાં પગલાં ભરે અને ગૌહત્યા પર પ્રતિબંધ લગાવે.

### મુખ્યમંત્રીની ખુરશીની બાજુમાં ખાલી ખુરશી મૂકીને ચાર્જ સંભાળ્યો હતો

# આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના સીએમ પદનો ચાર્જ સંભાળી લીધો

## દિલ્હીની ગાદી CM આતિશીએ કંઈક અલગ રીતે સંભાળી

નવી દિલ્હી,તા.૨૩

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના સીએમ પદનો ચાર્જ સંભાળી લીધો છે. તેમણે અનોખી રીતે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે મુખ્યમંત્રીની ખુરશીની બાજુમાં ખાલી ખુરશી મૂકીને ચાર્જ સંભાળ્યો હતો. આતિશી સીએમની ખુરશી પર બેઠી નથી. તે બીજી ખુરશી પર બેઠી છે.મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે આજે મેં દિલ્હીના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. આજે મારા મનમાં પણ ભરતજીના જેવું જ દુઃખ છે. ભરતજીએ જે રીતે ભગવાન શ્રી રામની ગાદી રાખીને કામ કર્યું, તે જ રીતે હું આગામી ૪ મહિના સુધી મુખ્યમંત્રી પદ સંભાળીશ.

વધુમાં આતિશીએ કહ્યું કે છેલ્લા બે વર્ષથી ભાજપે અરવિંદ કેજરીવાલ પર કાદવ ઉછાળવામાં કોઈ કસર છોડી નથી. ૬ મહિના માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું કે અરવિંદ કેજરીવાલની એજન્સી દ્વારા દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી ધરપકડ કરવામાં આવી હતી.આ ખુરશી અરવિંદ કેજરીવાલની છે. મને વિશ્વાસ છે કે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીમાં દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલને ફરીથી મુખ્યમંત્રી બનાવશે. ત્યાં સુધી અરવિંદ કેજરીવાલની આ ખુરશી અહીં જ રહેશે.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ શનિવારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આતિશીને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા. આતિશીએ દિલ્હીના ૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રાજ નિવાસમાં યોજાયો હતો. સીએમ આતિશીની સાથે ૫ કેબિનેટ મંત્રીઓએ પણ ગોપનીયતાના શપથ લીધા હતા. મુખ્યમંત્રી બન્યા બાદ આતિશીએ આમ આદમી પાર્ટી ના કન્વીનર અરવિંદ કેજરીવાલના ચરણ સ્પર્શ કર્યા અને આશીર્વાદ લીધા હતા. આ દરમિયાન લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના પણ અરવિંદ કેજરીવાલ સાથે ઉભા હતા. ત્યારબાદ આતિષીએ આગળ આવીને પૂર્વ સીએમ કેજરીવાલના ચરણ સ્પર્શ કર્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

### કેબિનેટ મંત્રી અનિલ કુમાર શિલાલેખ પર પોતાનું નામ ન મળતાં નારાજ થયા

# ઉત્તર પ્રદેશમાં સરકારી કાર્યક્રમમાં કેન્દ્રીય અને રાજ્ય મંત્રી વચ્ચે તું..તું.. મેં.. મેં

## બંને મંત્રીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મંચ સંચાલકે માઈકમાં જ માફી માંગી

લખનૌ,તા.૨૩

ઉત્તર પ્રદેશમાં એક સરકારી કાર્યક્રમમાં કેન્દ્રીય અને રાજ્ય મંત્રી મંચ પર જ ઝઘડી પડ્યા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રી જયંત ચૌધરીનું સંબોધન ચાલી રહ્યું હતું, તે સમયે જ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી કેબિનેટ મંત્રી અનિલ કુમાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કપિલદેવ અગ્રવાલ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી. બંને મંત્રીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલીની જાણ ત્યારે થઈ ત્યારે મંચ સંચાલકે માઈકમાં જ માફી માગતા કહ્યું કે, સંબોધનના ક્રમમાં મંત્રીઓના નામ બોલવામાં ભૂલ થઈ ગઈ છે, જેથી તેઓ ક્ષમા માગે છે. ઘટના અંગે વાત કરીએ તો બધાઈકલાં ખાતે આઈટીઆઈના ઉદ્ઘાટન સમારોહમાં આ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રી જયંત ચૌધરી કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા. સ્ટેજની પાછળ બેકડ્રોપ પર કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીની સાથે કેબિનેટ મંત્રી અનિલ કુમાર અને રાજ્ય મંત્રીની તસવીર પણ લગાવવામાં આવી હતી. જોકે, આઈટીઆઈ બિલ્ડિંગના શિલાલેખ પર માત્ર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેબિનેટ મંત્રી જયંત ચૌધરી અને રાજ્ય મંત્રી કપિલ દેવ અગ્રવાલના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેથી અનિલ કુમાર નારાજ થયા હતા

કેબિનેટ મંત્રી અનિલ કુમાર શિલાલેખ પર પોતાનું નામ ન મળતાં નારાજ થયા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ સ્ટેજ પર પણ મંત્રીઓના સંબોધન વખતે તેમનું નામ ખોટા ક્રમમાં બોલાઈ જતાં તેઓ ગુસ્સે થયા હતા. છર્ફૅન્ના કોફાઉન્ડર અને એમડી દીપે સૌ પ્રથમ કેબિનેટ મંત્રી અનિલ કુમારને સંબોધિત કર્યા હતા. બાદમાં રાજ્ય મંત્રી કપિલ દેવ અગ્રવાલ અને મુખ્ય અતિથિ કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીને બોલાવ્યા હતા.જ્યારે જયંત ચૌધરી સંબોધન કરી રહ્યા હતા ત્યારે મંચ પર બેઠેલા કેબિનેટ મંત્રી અનિલ કુમાર અને રાજ્ય મંત્રી કપિલ દેવ અગ્રવાલ વચ્ચે સંબોધનમાં પ્રોટોકોલનું પાલન ન કરવાને લઈને બોલાચાલી થઈ હતી. ત્યારે રાજ્યમંત્રી કપિલદેવ અગ્રવાલે ઈશારો કરીને ડાયરેક્ટર દીપને બોલાવીને નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાં સુધી બંને મંત્રીઓ એકસાથે બેઠા હતા, પરંતુ બાદમાં કેબિનેટ મંત્રી અનિલ કુમાર દૂર ખસી અંતર જાળવી બેઠા હતા. જયંત ચૌધરીનું સંબોધન સમાપ્ત થયા બાદ ડાયરેક્ટર દીપે માઈક દ્વારા કહ્યું કે સંબોધનના ક્રમમાં મંત્રીઓને બોલાવવામાં ભૂલ થઈ છે અને તે બદલ અમે માફી માગીએ છીએ.

### કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમમાં હતું

# ગુજરાતમાં ફરી ધરતી હચમચી, કચ્છમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ

## ગુજરાતના કચ્છ જિલ્લામાં સોમવારે સવારે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો

અમદાવાદ,તા.૨૩

ગુજરાતના કચ્છ જિલ્લામાં સોમવારે સવારે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મિક રિસચના અધિકારીઓએ જણાવ્યું હતું કે સિસ્મિક પ્રવૃત્તિને કારણે જિલ્લામાં કોઈ જાનહાનિ અથવા સંપત્તિને નુકસાન થયું હોવાના કોઈ અહેવાલ નથી. ગાંધીનગર સ્થિત ISRએ જણાવ્યું હતું કે ભૂકંપ સવારે ૧૦.૦૫ વાગ્યે નોંધાયો હતો અને તેનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમમાં હતું. ISR । અનુસાર, આ મહિનામાં રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં અત્યાર સુધીમાં ત્રણથી વધુની તીવ્રતાના ભૂકંપના આંચકા ચાર વખત અનુભવાયા છે. ગુજરાત સિસ્મિક પ્રવૃત્તિ માટે સંવેદનશીલ રાજ્ય છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ઉપલબ્ધ માહિતી અનુસાર, આ પ્રદેશમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં નવ મોટા ભૂકંપ આવ્યા છે. આવી સ્થિતિમાં સોમવારે સવારે ૧૦:૦૫ કલાકે કચ્છમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. મળતી માહિતી મુજબ જિલ્લામાં કોઈ જાનહાનિ કે જાનમાલને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી.જીએસડીએમએ મુજબ, ૨૦૦૧નો કચ્છનો ભૂકંપ બે સદીઓથી વધુ સમયમાં ભારતમાં આવેલો ત્રીજો સૌથી મોટો ભૂકંપ હતો અને ભારતમાં બીજો સૌથી વિનાશક ધરતીકંપ હતો. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં ૬.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર કચ્છના ભચાઉ પાસે હતું, જેણે સમગ્ર રાજ્યને અસર કરી હતી. GSDMA દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ભૂકંપમાં લગભગ ૧૩,૮૦૦ લોકો માર્યા ગયા હતા અને ૧.૬૭ લાખ લોકો ઘાયલ થયા હતા.

### રેશનકાર્ડ લિંક કરવાની નવી સિસ્ટમ અમલમાં મૂકી

# સરકારે શિષ્યવૃત્તિના નિયમમાં કર્યો ફેરફાર, રેશનિંગ કાર્ડને કર્યુ છે લિંક

## સરકારના વિવિધ વિભાગોએ રાશન કાર્ડ ડેટાબેઝમાં તમામ વિદ્યાર્થીઓના આધાર આધારિત બાયોમેટ્રિક ઇ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડ્યો છે

અમદાવાદ,તા.૨૩

વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ મળે તે માટે શિષ્યવૃત્તિના નિયમોમાં ફેરફારથી વિદ્યાર્થીઓ અને વાલીઓની મુશ્કેલીઓ વધી છે. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના બેંક ખાતા, જાતિ સહિતની તમામ વિગતો ઉપલબ્ધ હોવા છતાં સરકારે હવે શિષ્યવૃત્તિ સાથે રેશનકાર્ડ લિંક કરવાની નવી સિસ્ટમ અમલમાં મૂકી છે. પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરને પણ પત્ર લખીને પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિ અંગેના નિયમો હળવા કરવાની દરખાસ્ત કરી છે. ઓનલાઈન પ્રક્રિયામાં રેશનકાર્ડ નંબર દૂર કરીને પ્રક્રિયાને સરળ બનાવવા રજૂઆત કરાઈ છે. શું છે નવો ફતવો? સરકારના વિવિધ વિભાગોએ રાશન કાર્ડ ડેટાબેઝમાં તમામ વિદ્યાર્થીઓના આધાર આધારિત બાયોમેટ્રિક ઈ-કેવાયસી કરવાનો ફતવો બહાર પાડ્યો છે. હવે રેશનકાર્ડને વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અને બેંક ખાતા સાથે લિંક કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ કચેરીએ પણ શાળાઓના આચાર્યોને પરિપત્ર જાહેર કર્યો છે. જે વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં નથી તેવા વિદ્યાર્થીઓના નામો બનાવીને અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણ કચેરીમાં જમા કરાવવા અને વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં ઉમેરવા જણાવાયું છે. આમ જે વિદ્યાર્થીઓ પાસે રેશનકાર્ડ નથી તેઓએ નવું રેશનકાર્ડ બનાવવું પડશે. જો કે, જો આ બધી પ્રક્રિયાઓ પૂર્ણ થઈ નથી, તો શિષ્યવૃત્તિ આપવામાં આવશે નહીં.

પ્રાથમિક શિક્ષણ સંઘે પ્રક્રિયાને સરળ બનાવવાની દરખાસ્ત કરી હતી. પરંતુ શિક્ષણ મંત્રીને સુપ્રત કરવા છતાં શિષ્યવૃતિ સહાયની પ્રક્રિયા સરળ કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓ અને વાલીઓ શિષ્યવૃત્તિ સહાય પ્રક્રિયાને સરળ ન બનાવતા કંટાળી ગયા છે. શિષ્યવૃત્તિ સહાય પ્રક્રિયાથી કંટાળીને, એક વિદ્યાર્થીએ આખરે શિષ્યવૃત્તિ લેવાની ના પાડી દીધી છે. સ્કોલરશીપ લેવાનો ઈન્કાર કરતા આચાર્ય અને વર્ગ શિક્ષકને પત્ર લખવામાં લખ્યો છે.

### આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે

# આર્ટિકલ ૩૭૦ રદ થયા બાદ પહેલી વખત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી

## જમ્મુ-કાશમીરમાં આઝાદી બાદ હજારો દલિત પરિવાર પ્રથમ વખત મતદાન કરશે

જમ્મુ કાશ્મીર ,તા.૨૩

જમ્મુ-કાશ્મીરની વિધાન સભા ચૂંટણી આ વખતે ઘણી દ્રષ્ટિએ અલગ છે. લદાખ હવે અલગ કેન્દ્ર શાસિત પ્રદેશ છે, આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ હવે ઈતિહાસનો ભાગ છે અને જમ્મુ-કાશ્મીર પણ હાલ એક પૂર્ણ રાજ્ય નથી. એટલું જ નહીં આ સિવાય એક મહત્વની વાત એ છે કે પહેલી વખત એવા હજારો લોકોને મતદાન કરવાની તક મળશે. જે અત્યાર સુધી જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં માત્ર મૂકદર્શક હતા. આ લોકો અહીં ૭ દાયકાથી વસેલા છે પરંતુ અત્યાર સુધી તે કોઈ ચૂંટણીનો ભાગ નહોતા. આ તે લોકો છે જે ૧૯૪૭માં ભારત ભાગલા બાદ પાકિસ્તાનથી આવીને વસ્યા હતા.

આમાંથી મોટાભાગના લોકો જમ્મુ, કઠુઆ, રાજૌરી જેવા જમ્મુ-કાશ્મીરના જિલ્લામાં જઈને વસ્યા હતા. ૧૯૪૭માં આવેલા આ લોકોને અત્યાર સુધી નાગરિકતા જ મળી શકી નહોતી અને ૫૭૬૪ પરિવારોને કેમ્પોમાં રહેવું પડતું હતું. સરકારી, ખાનગી નોકરી કે પછી કોઈ પણ સંગઠિત રોજગાર તે કરી શકતાં નહોતાં. ચૂંટણીમાં ભાગ લેવાનો તેમને અધિકાર નહોતો. તેથી કોઈ પણ પ્રકારનું દબાણ બનાવવાની સ્થિતિમાં પણ તે નહોતા. આર્ટિકલ ૩૭૦ હટી તો આ લોકો માટે આશાની કિરણ જાગી. તેમને નાગરિકતા મળી, જમીન ખરીદવા, નોકરીનો અધિકાર મળ્યો અને તે લોકતંત્રનો ભાગ બન્યા. આર્ટિકલ ૩૭૦ રદ થયા બાદ પહેલી વખત રાજ્યમાં વિધાનસભા ચૂંટણી થઈ રહી છે અને આ પરિવારોના હજારો લોકો આ વખતે મતદાન કરશે. આ લોકોને પશ્ચિમ પાકિસ્તાનથી આવેલા રેફ્યૂજી કહેવામાં આવતાં હતાં. આ સાથે વિટંબણા એ રહી કે પાક-અધિકૃત જમ્મુ-કાશ્મીરથી પલાયન કરીને આવેલા લોકોને નાગરિકતા મળી ગઈ કેમ કે તેમને રાજ્યના જ માનવામાં આવ્યા પરંતુ પાકિસ્તાનથી આવેલા લોકોને જમ્મુ-કાશ્મીરમાં નાગરિકતા મળી શકી નહીં. તેનું કારણ એ હતું કે તેમને અધિકાર મળવામાં આર્ટિકલ ૩૭૦ નો અવરોધ ઊભો હતો. હવે તે દૂર થઈ તો આ લોકો પણ મતાધિકારનો ઉપયોગ કરી શકે છે.આ લોકોને નાગરિકતા ન મળવાનો મુદ્દો ભાજપ તરફથી ઘણી વખત ઉઠાવવામાં આવતો હતો. વેસ્ટ પાકિસ્તાન રેફ્યૂજી કહેવાતા આ લોકોમાંથી મોટાભાગના દલિત સમુદાયના છે.

તેથી તેમને સમગ્ર દેશની જેમ અનામત ન મળવાનો પણ એક મુદ્દો હતો. હવે આ માટે વોટિંગથી લઈને રિઝર્વેશન સુધીનો માર્ગ ખુલી ગયો છે. અત્યાર સુધી પોતાની પીડાને આ લોકો પોતાને આઝાદ દેશના ગુલામ લોકો કહીને વ્યક્ત કરતાં હતાં.

### હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના

# આખી જિંદગી કોંગ્રેસની સેવા કરી, ભાજપમાં જોડાવાની અટકળો પર કુમારી શૈલજાએ તોડ્યું મૌન

## ભાજપ પાસે કોંગ્રેસના નેતાઓ માટે કોઈ નરમ કોર્નર નથી. ભાજપમાં જોડાવાની વાત કરવાનો કોઈ અર્થ નથી

હરિયાણા,તા.૨૩

હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના છે. નેતાઓના નિવેદનો પણ ઉગ્ર બની રહ્યા છે. દરમિયાન, કોંગ્રેસના દિગ્ગજ નેતા કુમારી શૈલજા ભાજપમાં જોડાશે તેવી અટકળો પણ શરૂ થઈ હતી. કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ આ અટકળો પર પોતાનું મૌન તોડ્યું છે.

કોંગ્રેસ સાંસદ કુમારી શૈલજાએ કહ્યું, 'આ ચૂંટણીનો સમય છે. એટલા માટે તેઓ (ભાજપ) આ કરી રહ્યા છે, નહીં તો ભાજપ પાસે કોંગ્રેસના નેતાઓ માટે કોઈ નરમ કોર્નર નથી. ભાજપમાં જોડાવાની વાત કરવાનો કોઈ અર્થ નથી. કોંગ્રેસ સાંસદે કહ્યું, 'હું આજે જે કંઈ પણ છું. હું કોંગ્રેસને કારણે છું. મેં આખી જિંદગી કોંગ્રેસની સેવા કરી છે. હું ૨-૩ દિવસમાં હરિયાણા વિધાનસભાના ચૂંટણી પ્રચારમાં જોડાઈશ અને કોંગ્રેસની સરકાર બનાવીશ.

કુમારી શૈલજાએ કહ્યું, 'વર્ષો સુધી પાર્ટી પાસે કોઈ સંગઠન નહોતું, પરંતુ પાર્ટીના કાર્યકરો જમીન પર કામ કરતા રહ્યા. મારા જેવા લોકો માત્ર ભાષણો આપે છે, પરંતુ પક્ષના કાર્યકરો જ જમીન પર કામ કરે છે. તેથી જ તેમની પાસે અપેક્ષાઓ છે. આ સાથે કોંગ્રેસ સાંસદે કહ્યું, 'જ્યારે તેમને (કાર્યકરોને) જગ્યા નથી મળતી, ત્યારે તેઓ તેની શોધમાં અન્ય સ્થળોએ જાય છે, કારણ કે તેમને (પાર્ટીના કાર્યકરો)ને કેટલીક બાબતોનો અહેસાસ થયો છે, પરંતુ હું કહીશ કે અમે કોંગ્રેસમાં છીએ. અમે પાર્ટી માટે કામ કરીશું. હરિયાણામાં કોંગ્રેસ સરકાર બનાવશે.

# બગસરા તાલુકામાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં અરજીઓનો સ્થળ પર નિકાલ





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે.

મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા, મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા–સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે.

સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. તાજેતરમાં જિલ્લાના બગસરા તાલુકાનો ગ્રામ્ય વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. ડાયાબિટીઝ અને બ્લડ પ્રેશર ચકાસણી થયા બાદ ૧૩૨ આરોગ્ય કલ્યાણ કાર્ડ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીવર્મીંગની ૪૩૩૬ અરજીઓ બાબતે ૧૦૦ ટકા અરજીઓનું નિવારણ લાવવામાં આવ્યું હતું. પશુપાલક લાભાર્થીઓના ૧,૨૦૦ પશુઓનું રસીકરણ, ૬૨૨ પશુઓને સારવાર, ૪૩ પશુઓના ગર્ભાધાનને લગતી સારવાર સહિતની કામગીરી કરવામાં આવી. ૨૫ લાભાર્થીઓને આવકના દાખલા, ૨૨ લાભાર્થીઓને યુડીઆઈડી કાર્ડ રજિસ્ટ્રેશન, ૧૨ લાભાર્થીઓને રાશન કાર્ડ નામ દાખલ, આઈસીડીએસ અન્વયે ૧૧ બાળકોની આધાર નોંધણી, પીએમ જેમાં યોજના અન્વયે ૮ લાભાર્થીઓની અરજી, નવા ઘરેલુ વીજજોડાણ માટે ૫ અરજી, રાશન કાર્ડમાં નામ સુધારણા અને કમી કરવા ૬ અરજી, સામાજિકવનીકરણ અન્વયે ૫૦ અને બગસરા તાલુકા કાનૂની સેવા અન્વયે ૮૦ સહિત તમામ અરજીઓ પર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી. રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

### આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી

# પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો

## હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત તો અન્ય ૪ ને ઈજા પહોંચી

પાકિસ્તાન,તા.૨૩

પાકિસ્તાનમાં ૧૧ દેશોના રાજદૂતોના કાફલા પર આતંકી હુમલો થયાના સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના સ્વાત જિલ્લામાંથી માલમ જબ્બા જઈ રહેલા વિદેશી રાજદૂતોના કાફલાની સુરક્ષા કરતી પોલીસ વાનને આતંકવાદીઓએ નિશાન બનાવી હતી.

આતંકવાદીઓએ રિમોટ કંટ્રોલ બોમ્બ વડે વાનને ઉડાવી દીધી હતી. આ હુમલામાં એક પોલીસ અધિકારીનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સૈદુ શરીફની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત હતું.

મળતા અહેવાલ અનુસાર, જિલ્લા પોલીસ અધિકારી ઝાહિદુલ્લા ખાને કહ્યું કે આ હુમલો વિદેશી રાજદૂતોના સમૂહને નિશાન બનાવતા કરવામાં આવ્યો હતો. મૃતક પોલીસકર્મીની ઓળખ બુરહાન તરીકે થઈ છે. ઈજાગ્રસ્તોમાં એક સબ ઈન્સ્પેક્ટર પણ સામેલ છે. જે વાનને નિશાન બનાવવામાં આવી હતી તે કાફલામાં સૌથી આગળ હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે તમામ રાજદૂતો સુરક્ષિત છે અને તેમને ઈસ્લામાબાદ મોકલવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તમામ રાજદૂતોએ મિંગોરામાં ચેમ્બર ઓફ કોમર્સના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાદમાં તેઓ માલમ જબ્બા જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં શેરાબાદ પહોંચતા હુમલો કરવામાં આવ્યો હતો. કાફલામાં તાજિકિસ્તાન, કઝાકિસ્તાન, ઈરાન, ઈથોપિયા, પોર્ટુગલ, રશિયા સહિત ૧૧ દેશોના રાજદૂતો સામેલ હતા.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ ઘટનાની આકરી નિંદા કરી હતી. ઝરદારીએ હુમલામાં માર્યા ગયેલા પોલીસ અધિકારીને શ્રદ્ધાંજલિ અર્પણ અને ઈજાગ્રસ્તો માટે ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. ઉલ્લેખનીય છે, આ હુમલાની હજુ સુધી કોઈ સંગઠને જવાબદારી લીધી નથી. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર આવ્યા બાદ પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં વધારો થયો છે. ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં આતંકવાદી સંગઠનો વધુ સક્રિય બન્યા છે. પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર પીસ સ્ટડીઝના ડેટા અનુસાર, બંને પ્રાંતોમાં ગયા મહિને ઘાતક હુમલાઓ અનેકગણા વધ્યા છે. જુલાઈમાં આતંકી હુમલાની સંખ્યા ૩૮ હતી. જે ઓગસ્ટમાં વધી ૫૯ થઈ છે. ઓગસ્ટમાં ખૈબર પખ્તુનખ્વામાં ૨૯ આતંકવાદી હુમલામાં ૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

# વડી–ઠેબી નદી વચ્ચે જુગાર રમતા છ ઈસમો ઝડપાયા



અમરેલી, તા. ૨૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી સીટી પોલીસ સ્ટેશનવિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન બાતમી મળેલ કે, અમરેલીમાં કુંકાવાવ રોડ ઉપર વડી–ઠેબીનદીવિસ્તારમાં ઈંટોનાભઠ્ઠા પાસે જાહેરમાં જુગાર રમતા છ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૧,૨૦૦ના મુદ્દામાલ તથા જુગાર સાહિત્ય સાથે અમરેલીમાં રહેતા આરોપી સંજયભાઈ વનમાળીભાઈ બારેજા, વિનોદભાઈ સુરેશભાઈ બારેજા, પ્રફુલભાઈ પોપટભાઈ બારેજા, દિપકભાઈ સુરેશભાઈ બારેજા, અરવિંદભાઈ ભુપતભાઈ ઘોઘારી, દિનેશભાઈ પોપટભાઈ માલવીને પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# રફાળા ખાતે કાલાવડ મંડળનું સ્નેહમિલન યોજાયું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૩

બગસરા તાલુકાના રફાળે ગામે રહેતા પૂર્ણદાસ ગોંડલીયાના નિવાસ્થાને કાલાવડ મંડળનું એક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યુ જેમાં મંડળના મહંત શ્રી દિલીપ બાપુ હરિયાણી પંચ, શ્રી રમણીકબાપુ કુબડા અશ્વિનબાપુ રાવણી ધીરૂબાપુ વિસાવદર કોટવાળ ભીખારામ બાપુ બોરડીની ઉપસ્થિતિમાં પંચના એક વધારાના સભ્ય તરીકે નયન બાપુ કડાયાની વર્ણી સર્વાનુ માતે કરવામાં આવેલ છે ત્યારે રફાળા ગામે મિલન કાર્યક્રમમાં બોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહીને નયન બાપુ ધાણી ધારીયા સર્વાનુમતે વરણી કરતા સૌ લોકોએ અભિનંદન પાઠવ્યા. આ તકે ઉપસ્થિત પત્રકાર સમીર વિરાણીનું હાર તથા સાલ ઓઢાડીને પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાના લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૪ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી કારકિર્દી ધરાવતા જ્ઞાતિ ના વિદ્યાર્થીઓ નો સન્માન સમારંભ નુ આયોજન લોહાણા મહાજન વાડી ખાતે તા.૨૨/૯/ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલા લોહાણા મહાજન દ્વારા પારિવારિક માહોલ મા આયોજિત આ સન્માન સમારંભના અપ્રયક્ષ પદે સાવરકુંડલા લોહાણા મહાજન ના પ્રમુખ જગદીશભાઈ માધવાણી હતા જયારે અતિથિ વિશેષપદે અમરેલી થી લોહાણા સમાજના આગેવાન ડો.ભરતભાઈ કાનાબાર, જાણીતા સી.એ. એ.ડી. રૂપારેલ અને લોહાણા સમાજના અમરેલી જિલ્લા પ્રમુખ જીતુભાઈ સોમૈયા, જ્ઞાતિ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણી, રાજુલા થી ભીખુભાઈ રાયચા રહ્યા હતા. લોહાણા મહાજન ટ્રસ્ટ અને સહયોગી દાતાઓ દ્વારા ધોરણ ૧ થી ડિગ્રી અને પ્રોફેશનલ કોર્સિસ સુધીના તેજસ્વી તારલાઓ નુ શિલ્ડ અને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત અને દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી હતી બાદ મા નાની બાળાઓએ સ્વાગત ગીત રજુ કર્યુ હતુ જયારે ઉપસ્થિત મહાનુભાવો એ પ્રસંગિક પ્રવચન આપ્યા હતા અનેવિદ્યાર્થીઓ વધુમાં વધુ પ્રગતિ કરે અને સમાજનું નામ રોશન કરે તેવા આશીર્વાદ આપ્યા હતા.

# સાવરકુંડલા : ધારાસભ્ય કાર્યાલય ખાતે વરિષ્ઠ મહિલા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા પખવાડા કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૩–૯–૨૪ને સોમવારના રોજ વરિષ્ઠ મહિલા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના કાર્યાલયમાં ભાજપ ડોક્ટર સેલ દ્વારા કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં સાવરકુંડલા ડોક્ટર સેલના સંયોજક ડો. પાનસુરીયા, ડો. પોરિયા, ડો. લશ્કરી, ડો. જોષી વિગેરે ડોક્ટરો દ્વારા સિનિયર સિટીઝન મહિલાઓનું હેલ્થ ચેકઅપ કરી આપવામાં આવેલ હતું, સાથે વિશેષ ઉપસ્થિતિમાં સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા ઉપાપ્રયક્ષ શરદભાઈ પંડ્યા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર મહામંત્રી વિજયસિંહ વાઘેલા, નગરપાલિકા સદસ્ય કિશોરભાઈ બુહા, મોરચાના મહામંત્રી લલીતભાઈ મારૂ, મહિલા મોરચાના હીનાબેન કાણકીયા, દક્ષાબેન ચોટલીયા, એડવોકેટ નમ્રતાબેન, અમિતાબેન પટેલ, શહેરના મહિલા આગેવાન યશોધરાબેન પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જીલ્લામાં 'સ્વચ્છતા હી સેવા', 'સેવાસેતુ' અને 'એક પેડ મા કે નામ' અભિયાન અન્વયે વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો યોજાયા






તાજેતરમાં અમરેલી તાલુકાના વરસડા ગામે 'સ્વચ્છતા હી સેવા' 'સેવાસેતુ' સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અમરેલી તાલુકા વિકાસ અધિકારી, વરસડા સરપંચ, વરસડા તલાટી કમ મંત્રી, ગામ આગેવાનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. વડીયા તાલુકાના તોરી ખાતે યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી, વડીયા, કુંકાવાવના ધારાસભ્ય કેશિકભાઈ વેકરીયા, બગસરા વડીયા પ્રાંત અધિકારી નંદાએ મુલાકાત લીધી હતી. રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટિફિકેટ અને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. મોટા લીલીયા તાલુકાના મોટા લીલીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. સ્વચ્છતા હી સેવા અને એક પેડ મા કે નામ અભિયાન અન્વયે લીલીયા તાલુકા મામલતદાર અને લીલીયા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી ખાતે ''મા ઉમા ખોડલ'' નવરાત્રિ મહોત્સવ યોજાશે



ગુજરાતમાં વસતા પાટીદારોની રાજધાની ગણાતી નગરી એટલે આપણું અમરેલી. અમરેલીની ધરા એ પરિવર્તન અને નવી દિશા બતાવનારી છે. અમરેલીનું આંગણુ સાંસ્કૃતિક મહોત્સવની ઓળખ ધરાવે છે. સાંસ્કૃતિક પરંપરાનું મહાપર્વ એટલે નવરાત્રી. સકારાત્મક અભિગમ સાથે સંપ, સંગઠન અને સહકારથી નવરાત્રીના આયોજનને લઈને કરવા પટેલ સમાજ વાડી ખાતે અમરેલી જીલ્લા સમસ્ત પાટીદાર સમાજની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાજીક, રાજકીય, વેપારીઓ અને યુવા પ્રતિભાઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં સાંપ્રત સમસ્યા અને પડકારો સહિતના વિવિધ મુદે સમાજ શ્રેષ્ઠીઓએ માર્ગદર્શન પુરૂ પાડયું હતું. અમરેલી જીલ્લા સમસ્ત પાટીદાર સમાજના મુખ્ય સંયોજક પી.પી. સોજીત્રા, વજુભાઈ ગોલ અને ડી.કે. રૈયાણીના એકમેકના બનીને જગત જનનીમાં જગદંબાની આરાધનાનું પર્વ નવરાત્રી મહોત્સવની ઉજવણીના આહવાનને સૌએ આવકાર્યો હતો અને બિરાદાવ્યો હતો. આ નવરાત્રી મહોત્સવના મેઈન સ્પોન્સર્સ તરીકે અર્કાય સોલકા કંપનીએ જવાબદારી સ્વીકારી હતી. ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ભરતભાઈ સુતરિયા, અમરેલી જીલ્લા કડવા પટેલ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલિયા, અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ મેનેજીંગ ટ્રસ્ટી ડી.કે. રૈયાણી, નાગરિક બેંક પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ દિનેશભાઈ ભુવા, પ્રતિષ્ઠિત સૌએ એ.બી. કોઠીયા, પરિવર્તન ટ્રસ્ટ પ્રમુખ શરદભાઈ ધાનાણીએ શાબ્દિક સંબોધન કર્યુ હતું. રાજકોટ સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય વીરજીભાઈ ઠુમ્મર, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી સહિતના આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. અને ભોજલધામ ફતેપુરના મહંત ભકિતરામ બાપુએ શુભેચ્છા સહ આર્શીવાદ પાઠવ્યાં હતાં. પાટીદાર સમાજ અગ્રણી વજુભાઈ ગોલે નવરાત્રી આયોજન અંગે અને આગામ સામાજીક કાર્યક્રમો વિશે વાત કરતા સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. અને હસમુખભાઈ પટેલ આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન અમરેલી જીલ્લા સરદારધામ કન્વીનર રાજેશભાઈ માંગરોળિયા દ્વારા કરવામાં આવ્યું હતું. અને સંચાલન દિવ્યેશ વેકરિયા અને પ્રહલાઈભાઈ વામજા, દ્વારા કરવામાં આવ્યું હતું. સંજયભાઈ માલવિયા, ગૌરવભાઈ પટેલ, દિપકભાઈ ધાનાણી, જયસુખભાઈ સોરઠિયા, ધર્મેશભાઈ વિસાવળિયા, ભીખુભાઈ કાબરિયા, હરેશભાઈ રૂપાલા, લાલભાઈ ગોપાલ હોટેલ વાળા સહિત યુવા સમિતિએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ બેઠકમાં સામાજીક અગ્રણી અને ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, ભુપતભાઈ મેતલિયા, જયવંતભાઈ ફીણાવા, કાંતિભાઈ વઘાસિયા, હરેશભાઈ ધડુક, અનિલભાઈ વેકરિયા, દિપકભાઈ વઘાસિયા, પ્રવિણભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ ત્રાપસિયા, ગોપલભાઈ અંટાળા, પ્રદિપભાઈ ભાખર, ધીરૂભાઈ રૂપાલા, રામભાઈ સાનેપરા, ભરતભાઈ વેકરીયા, જયેશભાઈ નાકરાણી, મુકુંદભાઈ સેંજલિયા, જે.પી. સોજીત્રા, નીકુંજભાઈ સાવલિયા, સંજયભાઈ રામાણી, ગોજારિયા, પ્રવિણભાઈ ફીણાવા, હિરેનભાઈસ રાછડિયા, ગોરધનભાઈ સુરાણી, હિરેનભાઈ બાંભરોલિયા, નિમેશભાઈ બાંભરોલીયા, દિનેશભાઈ સાવલિયા, ગોપાલભાઈ પટેલ, ગોપાલભાઈ કચ્છી, દિવ્યેશ તળાવિયા, ધીરૂભાઈ કોટડિયા, મેહુલભાઈ બાબરિયા, વરૂણભાઈ પટેલ, રમેશભાઈ ગોલ, રમેશભાઈ ગુમાસણા, એમ.એમ. પટેલ, સુરેશભાઈ રોકડ, ધાર્મિકભાઈ રામાણી, ધવલભાઈ કાબરિયા, બાલુભાઈ માતરિયા, હાર્દિકભાઈ સેંજલિયા, હાર્દિકભાઈ કાનાણી, બિમલભાઈ સાવલિયા, જગદિશભાઈ વિરમગામ, સંદિપભાઈ ધાનાણી, મયુરભાઈ ગજેરા, પારસભાઈ સોજીત્રા, ભાવેશભાઈ પીપળિયા, હરેશભાઈ કાબરિયા, રાજુભાઈ ઝાલાવડિયા, જગદિશભાઈ તળાવિયા, પિન્ટુભાઈ ધાનાણી, નિલેશભાઈ મુલાણી, પંકજભાઈ ધાનાણી, પંકજભાઈ રોકડ, અલ્પેશભાઈ કાકડિયા, પંકજભાઈ કાબરિયા, વિમલભાઈ દેવાણી, ચંદુભાઈ સાવલિયા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં.

## પાના ૮ ઉપરનું ચાલું બાળકોની શિષ્યવૃત્તિનાં નવા નિયમોથી

પગલે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની સ્થિતિ કફોડી બની છે. વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ સાથે હવે રેશનકાર્ડને જોડવા માટેના આદેશના પગલે શિક્ષણ જગત આ કામગીરીમાં લાગ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયની તમામ શાળામાં અભ્યાસ કરતાં ધોરણ–૧ થી ૧૨નાં વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય, સરસ્વતી સાધના યોજનાની સહાય છેલ્લા કેટલાક વર્ષોથી સીધી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જ જમા થાય છે. સ્કોલરશીપ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે છેલ્લા ઘણા સમયથી સીધા જ વિદ્યાર્થીઓને બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જોકે સરકારના સમાજ કલ્યાણ વિભાગ સહિતના વિવિધ વિભાગ ધ્વારા સ્કોલરશીપને લઈને અનેક વખત બેદકરકારી દાખવવામાં આવતી હોવાના પગેલે વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત રહેતા હોવાનું સામે આવ્યું છે અથવા તો સ્કોલરશીપ મેળવવામાં ખૂબ જ વિલંબ થાય છે.

એકબાજુ જે વિદ્યાર્થીઓ બેંક એકાઉન્ટ ધરાવે છે તેમને પણ ઘણા કિસ્સામાં સ્કોલરશીપ વિલંબથી મળતી હતી પરંતુ હવે સરકારના જુદા જુદા વિભાગ ધ્વારા રેશનકાર્ડના ડેટા બેઝમાં તમામ વિદ્યાર્થીઓનું આધાર બેઝડ બાયોમેટ્રિક ઈ–કેવાયસી કરવાનો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. આ કામગીરી કરવા માટે તમામ જિલ્લાનાં શિક્ષણાધિકારીઓ મારફતે શિક્ષકોને જોતરવાની સૂચના મળતા શિક્ષકોમાં પણ આક્રોશ ફેલાયો છે. કામગીરીમાં તમામ વિદ્યાર્થીઓના આધાર કાર્ડ, રેશનકાર્ડ તથા આધારકાર્ડ સાથે લિંક થયેલા બેંક એકાઉન્ટની વિગતો મેળવવાની રહેશે. જેથી શિષ્યવૃત્તિની દરખાસ્ત કરતી વખતે આધાર કાર્ડ નંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બરની આઈડીની વિગતો પણ અપલોડ કરવાની રહેશે.

આ કામગીરીને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ધ્વારા પણ સ્કૂલોનાં આચાર્યોને પરિપત્ર કરી સુચના અપાઈ છે. જેમાં જણાવાયું છે કે, શાળાના જે વિદ્યાર્થીના નામ રેશનકાર્ડમાં ન હોય તેવા વિદ્યાર્થીઓની યાદી બનાવી અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રણની કચેરીમાં જમા કરાવી વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં ચઢાવવાનાં રહેશે. જેમની પાસે રેશનકાર્ડ જ નથી તેવા વિદ્યાર્થીઓએ નવું રેશનકાર્ડ કઢાવવાનું રહેશે. જોકે આ તમા પ્રક્રિયા પૂર્ણ નહી થાય તો સ્કોલરશીપ નહીં મળે. આમ હવે રેશનકાર્ડમાં વિદ્યાર્થીઓના નામ દાખલ કરવા માટે પણ વાલીઓને ધકકા ખાવાનો વારો આવશે.

જે વાલીઓ પાસે રેશનકાર્ડ છે. પરંતુ તેમા વિદ્યાર્થીઓના નામ દાખલ થયેલા નથી તેવા કિસ્સામાં સ્કૂલો ધ્વારા યાદી તૈયાર કરી ઝોનલ કચેરી ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે મોકલી આપવાશે. આ યાદી મળ્યા બાદ ઝોનલ કક્ષાએથી વિદ્યાર્થીઓના નામ રેશનકાર્ડમાં અપલોડ કરવામાં આવશે. પરંતુ જે વાલીઓ પાસે રેશનકાર્ડ જ નથી તેવા કિસ્સામાં વાલીઓ પોતાની રીતે ઝોનલ કચેરી ખાતે જઈને રેશનકાર્ડ કઢાવવાની કામગીરી કરવાની રહેશે. આમ સ્કોલરશીપ માટે વાલીઓએ છેલ્લા ઘડીએ દોડધામ કરવી પડશે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં અવિરત વીજળી

ચોકથી લઈને મુખ્ય બજાર, ચિતલ રોડ પરનાં અનેક રહેણાંક વિસ્તારોમાં પણ અવારનવાર વીજળી ગાયબ થઈ જાય છે.

અમરેલીમાં આજે નવા અઠવાડીયાનો ખુલતો દિવસ એટલે કે સોમવારે સાંજે અંદાજિત ર કલાક સુધી ડો. જીવરાજ મહેતા ચોક સહિતનાં વેપારથી ધમધમતા વિસ્તારમાં વીજળી ગુલ થઈ જતાં વેપારીઓ પરેશાન થઈ ગયા હતા.

પીજીવીસીએલનાં અધિકારીઓ ફીડર અને ટ્રાન્સફોર્મર ફોલ્ટમાં છે, ટ્રક અકસ્માત થયો છે, પક્ષીની ટકકર થઈ છે વિગેરે જ્ઞયાન વીજફોલ્ટ માટે દર્શાવીને જવાબદારીથી હાથ ખંખેરી રહ્યા છે અને અમરેલીનાં રાજકીય પદાધિકારીઓ કે જેઓ મત મેળવીને સત્તા સુખ પ્રાપ્ત કરે છે તેઓની નિષ્ક્રીયતા અને તેઓની અણઆવડતનાં કારણે જુદા–જુદા સરકારી વિભાગોનાં કર્મચારીઓ જનતાને પરેશાની આપી રહ્યા છે અને વિપક્ષનાં નેતાઓને જનતાની કોઈ ચિંતા જોવા મળતી નથી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં 'રવિથાળ' નામની હોટેલની

આવેદનપત્રમાં જણાવેલ કે અમરેલી દુકાનની બાજુની જગ્યાની ઉપર સાઈડમાં ઠાકરથાળ (રવિથાળ )નામની હોટલ હોય, હોટલની ખાદ્ય સામગ્રી સહીતની ગંદકી ગટરમાં ઠાલવવામાં આવતી હોવાથી અવાર–નવાર ભુગર્ભ ગટર જામ થઈ જાય છે. અને ગટરનાં ગધાતા પાણી અમારા શોરૂમ, દુકાનો, ઓફિસોની આગળ ઉભરાતા હોય જેથી આ વિસ્તારમાં ઝેરી મચ્છરો ઉપદ્રવ અસંખ્ય પ્રમાણમાં થતો હોય અહી રહેતા લોકો અને વેપારીઓમાં રોગચાળો ફાટી નીકળે તેવી પરિસ્થિતિ સર્જાયેલ છે. અને હાલમાં ચોમાસાની સીઝન હોય આ સમસ્યા વધુ ગંભીર બને તેમ છે. તેમજ આ પરિસ્થિતિનાં કારણે મોટાભાગનાં ગ્રાહકો આ વિસ્તારમાંથી ખરીદી કરવાનું ટાળે છે. જેથી કરી અમારે ધંધામાં પણ નુકશાની સહન કરવી પડે છે. અને અહીંનાં લોકોને વેપાર–ધંધા અને આરોગ્યની સમસ્યા ઉભી થઈ રહી હોય, હોટલના માલિક–સંચાલકને આ બાબતે ગટરમાં કચરો, ખાદ્ય વસ્તુ ચીજવસ્તુઓ ન નાખવા જણાવતા હોટલનાં માલિક–સંચાલકોએ વ્યવસ્થિત જવાબ પણ આપેલ નથી અને પોતાની જોહુકમી કરતા હોય તેઓનું આવું કૃત્ય હાલ પણ ચાલુ જ હોય જેથી આ ગંભીર સમસ્યાનું નિરાકરણ વહેલામાં વહેલી તકે કરાવવા તેમજ આ હોટલનાં સંચાલકોને રૂબરૂ બોલાવી હવે પછી આવી ગેરકાયદેસરની કાર્યવાહી ફરીથી ન કરાવવા સુચના આપવા અંતમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગૌશાળામાં રહેલ ગૌમાતાની

ફેન્સીંગ તોડી ગૌશાળા ઘુસી ગયા હતા.

આ ગૌશાળામાં ૧૫૦ ગાયોને આશરો આપવામા આવ્યો છે અને ગાયોની આ રક્ષા માટે કેટલાકાન પણ પાળવામાં આવ્યા છે જે હિંસક પશુઓને ગૌશાળામાં પ્રવેશવા દેતા નથી. આસપાસના વિસ્તારમાં સાવજોનો કાયમી વસવાટ અમરેલી જિલ્લાના મોટાભાગના રેવન્યુ વિસ્તારમાં સાવજોનો વસવાટ છે. સાવરકુંડલાના થોરડી તથા આસપાસના રેવન્યુ વિસ્તારમાં સાવજોએ કાયમી ધામા નાખ્યા છે અને શિકારની શોધમા આમથી તેમ ભટકતા રહે છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં

લાખના રિફેશિંગ કામગરીઓનાં ધારાસભ્ય મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી મંજૂર કરાવ્યા છે ત્યારે સાવરકુંડલા પંથકમાં ગ્રામીણ ગામડાઓ સુંદર અને રળિયામણાં બની રહે તે માટે ફરી એકવાર ૧૬ કરોડ ૮૫ લાખ સરકારમાંથી મંજૂરીની મહોર મળતા ગ્રામીણ ગામડાઓનાં સ્થાનિકોની રસ્તાઓની સમસ્યાનું નિરાકરણ લાવવામાં ધારાસભ્ય સફળતામાં વધુ એક મોરપીંછ સમાનની યશકળગીનો ઉમેરો થયો હોવાનું સત્વ 'અટલધારા' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.


### જાહેરાત

#### ''ના વાંધા પ્રમાણપત્ર''(એન.ઓ.સી.)

આથી જણાવવામાં આવે છે કે, અમો ભાવેશભાઈ બાબુભાઈ રામાણી, મુખ્ય પ્રયોજક સુચિત શ્રી અમરેલી તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી લી. મુ. દુકાન નં.– ૧૧૫, પંચનાથ મહાદેવ, જુના માર્કેટ યાર્ડ, અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલીનું કાર્યક્ષેત્ર અમરેલી તાલુકા અને અમરેલી શહેરી વિસ્તાર પુરતુ રાખેલ હોય, જેની નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ–અમરેલીને નોંધણી માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ સુચિત મંડળીનાં સુચિત કાર્યવિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ સહકારી મંડળીઓ તથા સંબંધીત સંસ્થાઓને વાંધા સુચનો હોય તેમણે આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી લેખિતમાં રજુઆત દિન–૦૭ માં અમોને નીચેનાં સરનામે અથવા તો જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓની કચેરી, સી–બ્લોક, ત્રીજો માળ, બહુમાળી ભવન અમરેલીની કચેરીમાં કચેરી સમય દરમ્યાન રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

તા.૨૪/૦૯/૨૦૨૪

સ્થળ:– અમરેલી

**વાંધા સ્વિકારવાનું સ્થળ:**

(૧) સુચિત શ્રી અમરેલી તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી લી.
સરનામું : દુકાન નં.૧૧૫, પંચનાથ મહાદેવ પાસે, જુના માર્કેટ યાર્ડ, અમરેલી, તા.જિ.અમરેલી.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બ્લોક – સી, ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલી.


## લુણસાપુર ગામનાં યુવકનું ગુમ થયાં બાદ મોત નિપજયુ

અમરેલી, તા. ૨૩, જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે રહેતા ઉદયભાઈ મનુભાઈ કોટીલા નામનાં ૩૩ વર્ષિય યુવક ગતતા. ૧૯થી તા. ૨૨ના રોજ ઘરે કોઈને કહ્યા વગર કયાંક જતા રહેલ હોય અને તેનશો કરવાની ટેવવાળા હોય જેથી કોઈ કારણોસર મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં માણેકવાડા

ભીખાભાઈ પોપટભાઈ કાનાણી, અરવિંદભાઈ વલ્લભભાઈ પટોળીયા, મનસુખભાઈ રણછોડભાઈ પટોળીયા, રાજેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ કોટડીયા, મથુરભાઈ મુળજીભાઈ ગાજીપરા તથા રમેશભાઈ પુનાભાઈ કોટડીયા કોઈને કોઈ હોદ્દા ઉપર હોય, જે દરયિાન આરોપી સાગરભાઈ અરવિંદભાઈ પટોળીયા મંત્રી તરીકે તથા પ્રમુખ તરીકે ધીરૂભાઈ નાથાભાઈ પટોળીયા તથા બાકીનાં વ્યવસ્થાપક તરીકે ચુંટાયેલા સભ્યો હોય, તે દરમિયાન રૂપિયા ૯૬,૨૭,૫૫૦– ૪૬ પૈસા (છનુ લાખ સત્યાવીસ હજાર પાંચસો પચાસ પુરા અને પૈસા છેતાલીસ પુરા)ની ગુન્હાહીત વિશ્વાસઘાત તથા ઠગાઈ કરી તેમની ફરજ દરમિયાન કપટ પુર્વક ઉચાપત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.


### જાહેર નોટિસ

મોજે. બાલાપુર, ગામ, તાલુકો–બગસરા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–૧૨૯ પૈકી ૧/ પૈકી ૧,ના હે.આરે.ચો.મી. ૦–૭૨–૮૪ વાળી જમીનનાં ખાતા નંબર–૫૩૫

અમો યોગેશ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– બાલાપુર, ગામ, તાલુકો – બગસરા, જિલ્લો – અમરેલી, રેવન્યું સર્વે નંબર–૧૨૯ પૈકી ૧ના હે.આરે.ચો.મી. ૦–૭૨–૮૪ વાળી જમીનનાં ખાતા નંબર–૫૩૫ વાળી બિન પિયત ખેતીની જમીન** (૧) શ્રી નસીત કપીલભાઈ કડવાભાઈ, (૨) નસીત રમેશભાઈ કડવાભાઈ રહે. બાલાપુરનાં સંયુકત નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૫(પંદર)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૪/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૮૦ |
| ૨ | શિંગ મોટી | ૭૨૧ | ૧૧૨૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૮૦ | ૨૮૨૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૭૪૦ |
| ૬ | બાજરો | ૩૮૧ | ૪૭૪ |
| ૭ | જુવાર | ૨૭૦ | ૭૫૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૮૩ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૫ | ૫૮૧ |
| ૧૦ | મકાઈ | ૫૧૦ | ૬૨૬ |
| ૧૧ | મગ | ૭૯૦ | ૧૭૧૧ |
| ૧૨ | અડદ | ૧૨૪૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૫૦૪ |
| ૧૪ | તુવેર | ૧૪૮૦ | ૧૫૦૦ |
| ૧૫ | કપાસ | ૮૨૦ | ૧૬૪૫ |
| ૧૬ | એરંડા | ૧૧૧૫ | ૧૧૫૦ |
| ૧૭ | જીરૂ | ૨૬૮૦ | ૪૭૭૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૫ | ૧૩૦૦ |
| ૧૯ | સોયાબીન | ૭૭૦ | ૮૮૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૦ | ૧૬૪૦ |
| ૨ | જીરૂ | ૪૪૦૦ | ૪૮૬૫ |
| ૩ | ઘઉં | ૫૧૬ | ૫૭૦ |
| ૪ | મગ | ૧૪૨૦ | ૧૬૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૫૧૫ |
| ૬ | અડદ | ૧૦૨૫ | ૧૬૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ જીણી | ૯૫૧ | ૧૧૨૫ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૧૧૭ |
| ૩ | તલ સફેદ | ૨૧૨૦ | ૨૮૬૬ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૭૨૦ |
| ૫ | કપાસ | ૧૪૮૦ | ૧૭૧૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૮ |
| ૮ | બાજરો | ૪૪૦ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૪૮૦ | ૮૧૩ |
| ૧૦ | અડદ | ૧૭૬૦ | – |
| ૧૧ | ચણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૧૨ | ધાણા | ૧૧૪૧ | – |
| ૧૩ | સોયાબીન | ૮૫૩ | – |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૩૭૦ | ૧૫૬૨ |
| ૨ | મગફળી નવી | ૮૦૧ | ૮૦૧ |
| ૩ | જુવાર સફેદ | ૬૬૦ | ૬૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૫૦ |
| ૪ | સોયાબીન | ૭૫૬ | ૮૫૬ |
| ૫ | ધાણા | ૯૨૫ | ૧૨૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૪૩૫ | ૨૫૨૫ |
| ૭ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | મગફળી | ૭૯૩ | ૧૦૦૨ |
| ૯ | અડદ | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૨૫ |
| ૧૧ | ડુંગળી | ૫૧૦ | ૬૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૧૦ | ૯૧૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૧૧ |
| ૩ | તલ કાળા | ૩૦૫૦ | ૩૫૫૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ૫ | બાજરો | ૪૯૪ | ૫૪૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૧ |
| ૭ | જુવાર | ૪૪૦ | ૮૫૪ |
| ૮ | તુવેર | ૧૪૫૧ | ૧૬૦૦ |
| ૯ | ચણા | ૫૦૦ | ૧૪૯૧ |
| ૧૦ | જીરૂ | ૪૪૫૨ | ૪૭૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૪૬ | ૮૪૬ |

# અમરેલી ખાતે શેખવા પરિવારને સાંત્વના પાઠવતા રાજકીય અને સામાજીક આગેવાનો






તા.૧૮/૯/૨૦૨૪ના દુ:ખદ અવસાન થયેલ હતુ તેઓના દુ:ખ મા ભાગ લેવા તેમજ સાંત્વના પાઠવવા દાનેવધામ ચલાલા ના મહંત મહારાજ પ.પૂ.શ્રી વલકુબાપુ તેમજ સહકાર શિરોમણીમાં. દિલીપભાઈ સંઘાણી, સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, રાજુલા ના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર, અમરડેરી ના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી તેમજ શરદભાઈ ધાનાણી સહિત તમામ રાજકીય તેમજ સામાજીક આગેવાનો અને અમરેલીના તમામ વેપારી સંસ્થાના આગેવાનો અને વેપારીઓ સહિત ઉદ્યોગપતિઓ, કોન્ટ્રાકટરો, ડોકટરો, શિક્ષકગણ, વકીલમંડળના હોદ્દેદારો તેમજ વકીલ મિત્રો, જી.પંચાયત તા.પંચાયત ના હોદેદારો સભ્યઓ ભાજપ કોંગ્રેસ પક્ષ ના સંગઠનોના હોદ્દેદાર અને કાર્યકર્તા મિત્રો સહિત અ.જી.મ.સ.બેંકના અધિકારી પદાધિકારી અને સ્ટાફ તેમજ દરેક સમાજ અને સંસ્થાઓના અગ્રણીઓ કર્મચારીઓ તેમજ કાઠીક્ષત્રીય સમાજના આગેવાનો વડીલો, ભાઈઓ, બહેનો સહિત પોલીસ ડીપાર્ટમેન્ટના અધિકારીઓ તેમજ પોલીસ પરીવાર સહિત અમરેલી નગર પાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી સહિત હોદ્દેદારો અને નગરસેવકો સહિત તમામ સેવાકીય સંસ્થા ના ભાઈઓ મિત્રો વડીલો અને મીડિયા જગતના પત્રકાર ભાઈઓ સહિત શેખવા પરીવાર ના તમામ સભ્યો ના સુખ દુ:ખના સાથી જેવા ભાઈઓ મિત્રો અને દરેક ક્ષેત્ર ના આગેવાનો અધિકારીઓ પદાધિકારીઓ હાજરી આપી શેખવા પરીવાર પર આવેલ દુ:ખમા ભાગ લઈ સાંત્વના તેમજ હિંમત આપેલ હતી.

### દાતા પરિવારનાં સહયોગથી

## અમરેલી : શ્રી પાંજરાપોળ ગૌશાળા ખાતે એક હજાર કિલોની લાપસી બનાવાઈ

### ગૌમાતા, ગૌવંશને લાપસી અપર્ણ કરાઈ

અમરેલી, ૨૩

અમરેલી પાંજરાપોળ ગૌશાળામાં તારીખ : ૧૮/૯/૨૪ને બુધવારના રોજ પ્રથમ શ્રાદ્ધના દિવસે ૮૩૦થી અધિક ગૌમાતા, ગૌ વંશ અને અન્ય પશુઓને ૧૦૦૦ કિલો લાપસી ખવડાવવામાં આવી હતી. અને સાથોસાથ દાતાપરિવારની અવેડા માટે શેડ માટે તકતીનું અનાવરણ કરવામાં આવેલ. દીપ પ્રાગટય અને તકતી અનાવરણ લોક લાડીલા નેતા સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે થયેલ મંદબુદ્ધિના બાળકોની છાત્રાલયના બાળકોની છાત્રાલયના બાળકો તેમજ ટ્રસ્ટી વસંતભાઈ પોકળ, મુકુન્દભાઈ ગઢીયા, તેમજ છાત્રાલયના સહાયક એવા ભગીરથીબેન સોલંકી (ઉ.વર્ષ.૯૩) દ્વારા ભરતભાઈ સુતરીયાનું ગાય પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ જાણીતા પૂર્વ એલ.આઈ.સી. બ્રાન્ચ મેનેજર જામનગર, ભાવનગર દિલીપભાઈ શુકલ એ અનેક દ્રષ્ટાંતો આપી ગૌશાળાની કામગીરીથી તથા દિલીપભાઈ પરીખ અથાગ મહેનતનો ઉલ્લેખ કરી પ્રશંસન કરી રૂ. ૧,૦૦,૦૦૦ એક લાખના અનુદાનની જાહેરાત કરેલ ચેમ્બર ઓફ કોમર્સ ચતુરભાઈ અકબરી, યોગેશભાઈ કોટેચા, ચૌહાણભાઈ, સંજયભાઈ રામાણી તેમજ પોપટભાઈ પેથાણી અલ્તાફભાઈ લારીવાળા, સુરેશભાઈ સોની, વશરામભાઈ ધડુક, ચેતનાબેન પરીખ, લાપસીના દાતા સ્વ. નારણભાઈ ફુલજીભાઈ જોધાણી તથા સ્વ. અમીષાબેન હસ્તે આશિષભાઈ લીલા ઘાસ ચારાના દાતાના ગૌરીબેન તથા કાંતાબેન ગોહિલ તેમજ અવેડા માટે અનુદાન (૧) વ્રજલાલ નરભેરામ મહેતા અમદાવાદ. (૨) અજયભાઈ નરસાણા મુંબઈ શેડ માટે પાયલ રહેજા રાજેન શાહ અનુદાન સંચાલન ટ્રસ્ટી દિલીપભાઈ પરીખે કરેલ સૌ દાતા પરિવાર તેમજ સંસદ ભરતભાઈ સુતરીયાના આભાર માનેલા સંસદ ભરતભાઈ સુતરીયાએ આવકાર્યની પ્રશંસા સાથે ગૌશાળાની ચોખ્ખાઈની પણ નોંધ લીધી હતી. અને અંતમાં ગૌમાતાનું પૂજન કુમારકાકા ભગીરથીબેન દ્વારા કરવામાં આવેલ.

### ચીફ ઓફિસરે ૧૧ સપ્ટે, ૧૮ સપ્ટેમ્બર બાદ ૨૩ સપ્ટે નોટિસ પાઠવી

## બાબરામાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું ગેરકાયદેસર બાંધકામ હટાવવા માટે પાલિકા દ્વારા નોટિસની હેટ્રિક

### પાલિકા અને બિલ્ડર વચ્ચે નોટિસ–નોટિસની રમત શરૂ

અમરેલી, તા. ૨૩

બાબરાનાંઉમિયાનગરમાં ગેરકાયદેસર રીતે કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું નિર્માણ થતું હોય પાલિકાનાં ચીફ ઓફિસરે ૧૧ સપ્ટેમ્બર, ૧૮ સપ્ટેમ્બર અને ૨૩ સપ્ટેમ્બરનાં રોજ ત્રીજી વખત નોટિસ પાઠવીને હેટ્રીક નોંધાવી છે અને શહેરીજનો પાલિકાની નોટિસ, નોટિસની રમતથી આશ્ચર્ય અનુભવી રહયાં છે અને જો ગેરકાયદેસર બાંધકામ હોય તો તેને દુર કરાશે કે નોટિસ પાઠવીને સંતોષ માનવમાં આવશે તે જોવું રસપ્રદ રહેશે.

આજે પુન: ચીફ ઓફિસરે ભાવેશભાઈ દલસાણીયાને પાઠવેલ નોટિસમાં જણાવેલ છે કે, બાબરા શહેરમાં વોર્ડ નં.–૫ માં આવેલ ઉમીયાનગર વિસ્તારમાં કોમ્પ્લેક્ષ બનાવવાનું કામ શરૂ કરેલ છે. પરંતુ તે જામીન બીનખેતી થયેલ હોય જે રહેણાંક હેતું માટે બીનખેતી થયેલ હોય અને આપના દ્વારા રહેણાંક હેતુ માટે થયેલ બીનખેતીની જમીન પર કોમર્શીયલ બાંધકામ કરવામાં આવેલ હોય જેથી નોટીસ આપી બાંધકામ બંધ કરવા જણાવેલ પરંતુ આપનાં દ્વારા અત્રેની કચેરીએઈન્વર્ડ નં.૨જુ કરેલ CGDCR નાં કલોઝ ૨જુ કરેલ છે. જે કલોઝ ગામતળ માટે લાગું પડે છે. પરંતુ આપની માલિકીની જમીન જુના ગામતળમાં આવેલ ન હોય તેથી સદરહું કલોઝ લાગું પડતો નથી જેથી આપને નોટીસ આપી જણાવવામાં આવે છે. આપનાં દ્વારા શરૂ કરેલ બાંધકામ તાત્કાલીક ધોરણે બંધ કરવા સુચના આપવામાં આવે છે. અને સદરહું બિનખેતી હુકમમાં દર્શાવેલ છોડવાની ખુલ્લી જગ્યામાં અને જી.ડી.સી.આર.નાં નિયમોને વિરૂદ્ધ કરેલ બાંધકામનાં ભાગને દુર કરવાની કાર્યવાહી આપના ખર્ચે અને જોખમે દિન–૩ માં કરવા માટે તાકીદ કરવામાં આવે છે. આપને આપેલ નોટિસ – ૨ માં બાંધકામ બંધ કરવાનું અને દુર કરવાનું જણાવેલ પરંતુ કામ હજુ ચાલુ છે. જો કામ બંધ કરવામાં નહી આવે તો અત્રેની કચેરી દ્વારા નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ અંતર્ગત આપના વિરૂધ્ધ કાર્યદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

## જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની સપ્ટેમ્બર–૨૪ માસની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સંસદ સભ્ય શ્રી ભરતભાઈ સુતરિયા, ધારી, બગસરા, ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને લાઠી, બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથે અગાઉના પેન્ડિંગ પ્રશ્નો બાબતે પણ ચર્ચા કરવામાં આવી.

જિલ્લામાં વાડી વિસ્તારમાં વીજ કાપના પ્રશ્નો, પશુ દવાખાના અને ગ્રામ્ય વિસ્તારમાં એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની અનિયમિતતા સહિતના પ્રશ્નો પણ સત્વરે ઉકેલવા માટે જિલ્લા કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન સાથે સૂચનાઓ આપી હતી.

અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં સમસ્યાઓનો યોગ્ય રીતે સમયસર નિકાલ થાય તે માટે સંબંધિત કચેરીના વડા સાથે સંકલન કરવામાં આવ્યું હતું. પેન્ડિંગ પ્રશ્નો બાબતે યોગ્ય સકારાત્મક નિરાકરણ લાવવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી.

નિવાસી અધિક કલેક્ટરએ જિલ્લાના સાંસદ અને ધારાસભ્યઓ તરફથી મળતા પત્રોના સમય મર્યાદામાં અને યોગ્ય જવાબો આપવા માટે સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, પ્રાંત અધિકારીઓ ઉપરાંત વિવિધ કચેરીઓના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતુ.

## રાજુલા : વડનગર–૨ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો




રાજુલા, તા. ૨૩

ગુજરાતશૈક્ષણિકસંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી તથા બીઆરસી ભવન રાજુલા માર્ગદર્શિત સીઆરસી રાજુલા કન્યા શાળા – ૧ આયોજિત ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૪ (વિજ્ઞાન મેળા)નું આયોજન પીએમવડનગર–૨ પ્રાથમિક શાળામાં તારીખ ૧૮–૯– ૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ. આ વિજ્ઞાનમેળામાં બીઆરસી કો–ઓર્ડીનેટર અજયભાઈ ખુમાણ, કેની, લાલજીભાઈ સિંઘલ તેમજ પીએમ શાળાના આચાર્ય ડો. ગીતાબેન બગડા ઉપસ્થિત રહેલ.

નિર્ણાયક તરીકે જે. એ. હાઈસ્કૂલના ચંદોરા ધાત્રિ તેમજ ટી. જે.બી.એસ. હાઈસ્કૂલના મયુરીબેન હડિયા એ કામગીરી કરી હતી. આ કાર્યક્રમમાં સીઆરસીમાં સમાવિષ્ટ ૧૨ શાળાઓમાંથી વિવિધ પાંચ વિભાગમાં ૩૦ જેટલી વિજ્ઞાનની કૃતિઓ રજૂ થયેલ હતી. વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ તમામ બાળવૈજ્ઞાનિકો તેમજ માર્ગદર્શક શિક્ષકને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપવામાં આવેલ. સીઆરસી કક્ષાએ પસંદ થઈ દરેક વિભાગમાંથી એક–એક કૃતિને તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં મોકલવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીઆરસી કો– ઓર્ડીનેટર મનજીભાઈ સરવૈયા એ કર્યુ હતું.

### આગામી ફેબ્રુઆરી મહિનામાં

## અમરેલી ખાતે જીલ્લા આહિર સમાજ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાશે

### ૧૫ ઓકટોબર સુધી નોંધણી કરાવવા અનુરોધ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં આહિર સમાજની ખુબ મોટી વસ્તી દરેક તાલુકામાં વસવાટ કરે છે. થોડા સમય પેહલા અમરેલી જિલ્લા આહિર યુવા સમાજ અને આહિર કર્મચારી મંડળની રચના થતા સમાજમાં લોકજાગૃતિ લાવી બિનજરૂરી દેખાડા રૂપી થતા ખોટા ખર્ચ ઘટાડવા માટે સમૂહ લગ્નનુ અમરેલી મુકામે આયોજન કરવામાં આહિર સમાજના આગેવાનો અને સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા નિર્ણય લેવાયો છે. આ સમુહ લગ્નોત્સવનુ આયોજન જિલ્લા મથક એવા અમરેલી મુકામે ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવનાર છે. સુંદર આયોજન માટે આ લગ્નોત્સવમાં જોડાવા માંગતા પરિવારોને તારીખ ૧૫/૧૦/૨૦૨૪ સુધીમાં હાજાભાઈ ડેર (નિવૃત્ત એ.એસ.આઈ.) નો મોબાઈલ નંબર ૯૯૭૯૭૫૫૯૨૨ પર સંપર્ક કરી નોંધણી કરાવી આપવા અમરેલી જિલ્લા યુવા આહિર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયા દ્વારા જણાવવામાં આવ્યુ છે. સાથે આ સમૂહ લગ્નોત્સવમાં વધુને વધુ દીકરીઓ જોડાઈને સમાજ જાગૃતતાનો સંદેશો આપે તેવી આગેવાનો દ્વારા સમગ્ર અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહિર સમાજના લોકોને અમરેલી જિલ્લા આહિર સમાજના આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ભડલી ખાતે શેખવા પરિવારને સાંત્વના પાઠવતાં નાયબ દંડક



અમરેલી, તા. ૨૩

ભડલી મુકામે સ્વ. રાણુબાબેન લખુભાઈ શેખવા ના બેસણામા અમરેલી વિધાનસભા ના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ પ.પૂ.શ્રી વિસામણબાપુની જગ્યા પાળ ીયાદ ના સંચાલક પૂજય ભયલુબાપુ તેમજ જસદણ ના પૂર્વ ધારાસભ્ય ભરતભાઈ બોઘરા સહિત દુ:ખ મા ભાગ લઈ સાંત્વના પાઠવેલ હતી.

# અમરેલી, સાવરકુંડલા અને દામનગર સહિતના વિસ્તારોમાં શ્રમદાન, સફાઇ સાધનોની સુવિધા, રાત્રિ સફાઇ યોજાઇ






તા.૨ આકટોબર–મહાત્મા ગાંધીજીના જન્મદિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન' ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યુ છે. "સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪" : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત સ્વચ્છ ભારત મિશનના 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત 'દામનગર અને અમરેલી નગરપાલિકા' દ્વારા રાત્રિ સફાઈ કરવામાં આવી હતી. અમરેલી નગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી માટે સફાઈ કામદારો અને નાગરિકોએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલા તાલુકાના ઘોબા સામુહિક સોકિપટ, સામુહિક કંપોઝપિટના કામનું ખાત મુર્હૂત સંપન્ન થયું હતું. સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ, સરપંચ, એશોશિયન પ્રમુખ તથા સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી, અગ્રણીઓ, આગેવાનઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત દામનગર નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના કુંભનાથ ગાર્ડન ખાતે સ્વચ્છતા શપથ લેવામાં આવ્યા હતા. નગરપાલીકા પ્રમુખ, અગ્રણીઓ, પદાધિકારીઓ, સફાઇ કર્મીઓ અને નાગરિકો દ્વારા શ્રમદાન કરવામાં આવ્યું હતું. સ્વચ્છ ભારત મિશનના 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત દામનગર નગરપાલિકા દ્વારા શહેરના ખોડિયાર ચોકથી સરદાર ચોક, બહારપરા વિસ્તાર, ઘનશ્યામ નગર અને પ્લોટ વિસ્તાર સહિતના વિસ્તારોમાં રાત્રિ સફાઈ હાથ ધરવામાં આવી હતી.





## અમરેલી જિલ્લાનાં પ્રાથમિકથી લઈને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં

# બાળકોની શિષ્યવૃત્તિનાં નવા નિયમોથી પરેશાની વધશે

**શિક્ષકો, વાલીઓ અને શિક્ષણપ્રેમીઓમાં નવા નિયમોને લઈને નારાજગીનો માહોલ ઉભો થયો**

**દેશનાં વિકાસ માટે અત્યંત જરૂરી શિક્ષણ પધ્ધતિ સરળ બનાવવાને બદલે મુશ્કેલીરૂપ બનતા રોષ**

**ગ્રામ્ય વિસ્તારમાં વીજળી, ઈન્ટરનેટ, કર્મચારીઓની કમી સહિતની અનેક પરેશાની જોવા મળે છે**

**જિલ્લાનાં બિન સરકારી શાળાનાં આચાર્ય સંઘે નિયામકને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોની શિષ્યવૃત્તિ મેળવવા માટેનાંનવાનિયમોનેલઈનેનારાજગીનો માહોલ ઉભો થયો છે. અમરેલી જિલ્લા બિન સરકારી શાળાનાં આચાર્ય સંઘ વિકસતીજાતિવિભાગનાંનિયામકનેપત્ર પાઠવીને રજૂઆત પણ કરી છે.

રાજયની શાળાઓમાં અભ્યાસકરતાવિદ્યાર્થીઓનેઆપવામાં આવતી સ્કોલરશીપને લઈને શિક્ષણ વિભાગનાંનવાફતવાથીવિદ્યાર્થીઓની મુશ્કેલીઓવધીછે. રાજયનીપ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યશિ શાળાઓનાં વિદ્યાર્થીઓની બેંક એકાઉન્ટ, જાતિસહિતનીતમામવિગતો ઉપલબ્ધહોવાછતાંસરકારધ્વારાહવે સ્કોલરશીપમાટેરેશનકાર્ડલિંકકરવાનું નવુંતૂતઉભુંકરવામાંઆવ્યુંછે. જેના

અનુસંધાન પાના ૬ ઉપર

## રૂપિયા ૯૬ લાખ ૨૭ હજાર જેવી રકમનો ગોટાળો કર્યાની ફરિયાદ

# બગસરાનાં માણેકવાડા સેવા સહકારી મંડળીમાં ૩૧ માર્ચ ૨૦૨૧ પહેલા મંડળીનાં પ્રમુખ, મંત્રી સહિતનાં હોદ્દેદારો દ્વારા ઉચાપત

**સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી**

અમરેલી, તા.૨૩

બગસરા તાલુકાનાં માણેકવાડા ગામે આવેલ માણેકવાડા સેવા સહકારી મંડળી લી.માં ગત તા. ૩૧/૩/૨૦૨૧ પહેલા તે જ મંડળીના મંત્રી, પ્રમુખ તથા વ્યવસ્થાપક તરીકે ચૂંટાયેલા સભ્યોએ મંડળીમાંથી વિશ્વાસઘાત તથા ઠગાઈ કરી તેમની ફરજ દરમિયાન કપટપૂર્વક ઉચાપત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ બગસરા તાલુકાનાં માણેકવાડ ગામે આવેલ માણેવાડા સેવા સહકારી મંડળી લી.માં ગત તા. ૩૧/૩/૨૦૨૧ પહેલા તે જ ગામે રહેતા આરોપી સાગરભાઈ અરવિંદભાઈ પટોળીયા, ધીરૂભાઈ નાથાભાઈ પોટળીયા, બેચરભાઈ લાલજીભાઈ આસોદરીયા, વલ્લભભાઈ જાદવભાઈ વડાળીયા, મનસુખભાઈ કેશવભાઈ પટોળીયા,

અનુસંધાન પાના ૬ ઉપર

## અવાર–નવાર ભુગર્ભ ગટર ઉભરાતા નારાજગી

# અમરેલીમાં 'રવિથાળ' નામની હોટેલની ખાધસામગ્રી અને ગંદકીથી વેપારીઓ પરેશાન

**વેપારીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું**



અમરેલી, તા.૨૩

અમરેલીનાં ડો.જીવરાજ મહેતા ચોકમાં આવેલ લકકી ટ્રાવેલ્સની ગલીનાં વેપારીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## કુદરતી માહોલમાં અનેરૂ દ્રશ્ય

# ખાંભા પંથકમાં ૨ સિંહણ અને ૨ બાળસિંહ મારણ બાદ આરામમાં

**વાહનચાલકો દ્રશ્ય નિહાળી ખૂશ**

ખાંભા, તા.૨૩

ખાંભા તાલુકામાં રોજે કોઈને કોઈ ગામના રેવન્યુ વિસ્તારમાં સિંહો એકલ દોકલ મારણ માટે આંટાફેરા કરતા હોઈ છે. ત્યારે આજે બપોર સમયે બે સિંહણ અને બે સિંહબાળ ખાંભા–ઉના હાઈવે ઉપર આવેલ મામાદેવ મંદિર નજીક ડબા ગાળા વિસ્તારમાં એક બળદનું મારણ કર્યુ હતું. આ બંને સિંહણ અને બંને સિંહ બાળ દ્વારા મારણ ખાઈને હાઈવે નજીક આવેલ ડુંગરાળ વિસ્તારના હરિયાળી વચ્ચે આરામ ફરમાવ્યો હતો. જયારે આ સિંહણ અને સિંહબાળનો એકબીજા પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો હતો. તેમાં બંને



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

સિંહણ એકબીજા નજીક બેસીને ડોકમાં ડોક રાખી એક બીજા પ્રત્યે વહાલ વરસાવતા હોવાનું હાલમાં જોવા મળ્યું હતું. જયારે આ તમામ દ્રશ્યો અહીંથી પસાર થતા કોઈ સિંહ પ્રેમીએ કેમેરામાં કેદ કર્યા હતા અને સોશ્યલ મીડિયામાં વાઈરલ થયાં હતા. ત્યારે હિંસક ગણાતા એવા સિંહણમાં પ્રાણી એકબીજા પ્રત્યે લાગણી, પ્રેમ, હૂંફ હોઈ તે આ ફોટા અને વિડીયો પરથી સાબિત થયું.

## ધારાસભ્ય મહેશ કસવાલાની કામગીરીથી સમગ્ર પંથકની જનતા ખુશખુશાલ

# અરે વાહ : સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૬૮૫ લાખ મંજુર

**ખેડુતો, પશુપાલકો, ગ્રામજનો અને વાહનચાલકો દ્વારા અભિનંદન વર્ષા**

સાવરકુંડલા, તા. ૨૩

ચોમાસામાં ગ્રામીણ ગામડાઓના માર્ગ સુંદર અને રળિયામણાં બની રહે તે માટે ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત રંગ લાવી અને ૧૬૮૫ લાખની માતબર રકમ વડે સાવરકુંડલાના ગામડાઓનાં રોડ રસ્તાઓ મઢવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી મંજુર થતા ગ્રામીણ ગામોના ખેડૂતો, માલધારીઓએ કસવાલાની ગામડાઓ પ્રત્યેની ભાવનાઓની કદર કરવાની સરાહના કરવામાં આવી છે. સાવરકુંડલા લીલીયામત ક્ષેત્રમાં ચૂંટાઈને આવ્યા બાદ હંમેશા ગાંધીનગરથી જનહિતના કામોની સરવાણી ચાલુ રહી છે. પોતાના મત વિસ્તારમાં કામો લાવવાની અનેરી કુશળતાના કસબી કસવાલા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી વીજપડી થી વીજપડી રેલ્વે સ્ટેશનના ૫ કિલોમીટર રોડના ૨ કરોડ ૭૫ લાખ, રામગઢ, ગાધકડા, લીખાળા રોડના ૯.૬૦ કિલો મીટરના ૧ કરોડ ૫૦ લાખ, મોટા ભામોદ્રા, નાળ, રબારીકાના ૭ કિલો મીટર રોડ માટે ૨ કરોડ ૮૦ લાખ, કાંત્રોડી હિપાવડલીના ૨.૫૦ કિલો મીટરના રોડ માટે ૮૦ લાખ અને જેસરના ઘોબા થી ઠાસા સુધી ૪.૧૦ કિલોમીટર માટેના રોડ ૨ કરોડ ૪૦

અનુસંધાન પાના ૬ ઉપર








૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

**66,750/-**
(૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)